# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેવી રીતે પ્રજ્વલિત દીપક પોતાના હાથમાં રાખીને પણ કૂવામાં પડી જાય તો તેને દીપકનું લેવું વ્યર્થ છે. તેમ તત્ત્વજ્ઞાન પામીને પણ હેય-ઉપાદેયના વિવેક રહિત ગમે તેમ પ્રવર્તવાથી તત્ત્વજ્ઞાનનું પામવું વ્યર્થ જાય છે. ૧૮૩૩.

(શ્રી વાદિભસિંહસૂરિ, જીવંધર ચરિત્ર, સર્ગ-૨, ગાથા-૪૫)

● જ્ઞાનજ્યોતિ ઉસ પરમાનંદમયી દિગંબર સર્વજ્ઞ શુદ્ધ સ્વરૂપમેં લીન અરહંત ભગવાનકો જાનતી હૈ યદિ વહ જ્ઞાનજ્યોતિ પર પર્યાયમેં આનંદ માનને લગે તો ઉસે જ્ઞાનાવરણકર્મકા બંધ હો, જો દુઃખોંકા બીજ હૈ. ૧૮૩૪.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૪૩)

● જેનું ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી ઋષિઓ પરમપદને પામે છે, જેની સ્તુતિ ઈન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્ર અને ગણધરદેવો સર્વ મદ તજીને કરે છે, વેદ પુરાણ જેને બતાવે છે, યમરાજના દુઃખના પ્રવાહને જે હરે છે—એવી જિનવાણી, તને હે ભવ્ય જીવો ! દ્યાનતરાયજી કહે છે કે તમે અનેક વિકલ્પરૂપ નદીનો ત્યાગ કરીને તમારા હૃદયને વિશે નિત્ય ધારણ કરો. ૧૮૩૫.

(શ્રી દ્યાનતરાય, દ્યાનત-વિલાસ, પદ-૩૩)

● આત્માના સ્વરૂપથી અજ્ઞાત પુરુષોને, શરીરોમાં પોતાની અને પરની આત્મબુદ્ધિના કારણે પુત્ર-સ્ત્રી-આદિકના વિષયમાં વિભ્રમ વર્તે છે. એ વિભ્રમથી અવિદ્યા નામનો સંસ્કાર દૃઢ-મજબૂત થાય છે, જે કારણથી અજ્ઞાની જીવ જન્માંતરમાં પણ શરીરને જ આત્મા માને છે. ૧૮૩૬ (શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૧૧-૧૨)

● સંતોષીજીવ સદા સુખી રહતે હૈં, જબ કિ અસંતોષી દુઃખી રહતે હૈં. સંતોષી તથા અસંતોષીકા અંતર જાનકર સંતોષમેં પ્રીતિ કરની યોગ્ય હૈ. ૧૮૩૭.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૪૨)

● ઈસ જગતમેં સમુદ્ર તો જલકે પ્રવાહોંસે (નદિયોંકે મિલનેસે) તૃપ્ત નહીં હોતા ઔર અગ્નિ ઈંધનોંસે તૃપ્ત નહીં હોતી, સો કદાચિત્ દૈવ-યોગસે કિસી પ્રકાર યે દોનોં તૃપ્ત હો ભી જાય પરંતુ યહ જીવ ચિરકાલ પર્યંત નાના પ્રકારકે કામભોગાદિકે ભોગને પર ભી કભી તૃપ્ત નહિ હોતા. ૧૮૩૮.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૦, શ્લોક-૨૮)

વર્ષ–૧૫
અંક–૪




વિ. સંવત
૨૦૭૫

December
A.D. 2020

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૯૬ ઉપર પ્રવચન)

## ત્રિકાળી અનુભૂતિને અનુચિત એવા ક્રોધાદિનો કર્તા થતો અજ્ઞાની

બહુ સરસ ગાથા છે. તું છો બેહદ આનંદનો ધરનાર, તું છો અનંત શક્તિથી ભરેલો, તું છો અનંત વીતરાગી કાર્યનો કરનારો, કર્તાશક્તિથી ભરેલો—એવી ચૈતન્યધાતું તું છો. પણ એને ભૂલીને રાગ આવે ને જાય—છૂટી જાય એવો રાગ મારો છે એમ સ્વરૂપના અજ્ઞાનથી તે ભાવનો કર્તા થાય છે. શરીર આદિ પરદ્રવ્યનો કર્તા તો અજ્ઞાનથી પણ નથી પણ એ પરદ્રવ્યો મારા છે એવા વિકારી પરિણામનો તું કર્તા થાય છે.

બેહદ એટલે અનંત. બેહદ જીવતર શક્તિને ધારી રાખી છે, બેહદ ચિતિશક્તિરૂપ ધાતુ એટલે કે ધારી રાખી છે એવો તું છો. દયા-દાનના વિકલ્પને ધારી રાખ્યા છે એ આત્મા નહિ. આહાહા! જૈનની નીતિ, જૈનનો માર્ગ દુનિયાની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી.

નિશ્ચયથી ચૈતન્ય ભગવાન ગુણ-ગુણીના ભેદ-વિકલ્પના રાગના પણ સંબંધ રહિત ચૈતન્યધાતુ છે. પણ એવા આત્માને ભૂલી અજ્ઞાનથી દયા-દાન-વ્રત આદિ તેમજ

જો નર નિર્મલ જ્ઞાન માન શુચિ ચારિત સાધૈ,
અનવધિ સુખકી સાર ભક્તિ કૂચી નહિં લાધૈ;

સ્ત્રી-પુત્ર આદિ એ બધા પરદ્રવ્યોને પોતારૂપ માનીને સવિકાર તથા સોપાધિક ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

આ રીતે જેના શરીરમાં ભૂત વળગ્યું હોય તેમ રાગાદિના પરિણામના તથા ધ્યાનાવિષ્ટ પુરુષની જેમ ધર્માસ્તિ આદિ પરદ્રવ્યોના કર્તાપણાના મૂળમાં અજ્ઞાન ઠર્યું. તે વાત પ્રગટ દૃષ્ટાંતથી કહે છે :

જેમ કોઈ પુરુષને ભૂત વળગ્યું હોય તે અજ્ઞાનને લીધે ભૂત તે હું નહિ તેને બદલે, પોતાને ને ભૂતને એક કરતો થકો, મનુષ્યને યોગ્ય નહિ એવી વિચિત્ર ચેષ્ટા સહિત ભયંકર કાર્યવાળા અમાનુષ વ્યવહારવાળો તે મનુષ્ય તે ભાવોનો કર્તા થાય છે.

તેમ શુદ્ધ ચૈતન્યઘનના અજ્ઞાનને લીધે ભાવ્ય-ભાવકરૂપ એટલે કે જડ કર્મ ભાવક અને દયા-દાન-વ્રત આદિ વિકારીભાવ તેનું ભાવ્ય, એવા ભાવકભાવ્યરૂપ પરને અને પોતાને એક કરતો થકો, બે ભિન્ન હોવા છતાં બેને એક કરતો થકો એટલે કે ભગવાન શુદ્ધ ચૈતન્ય ભૂતાર્થ આત્મા અને દયા-દાન આદિ ભિન્ન હોવા છતાં બે ને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર અર્થાત્ ત્રિકાળી અનુભૂતિમાત્ર ભાવક હોવા છતાં એ અવિકારી અનુભૂતિમાત્ર ભાવકને યોગ્ય નહિ એવી ક્રોધાદિ ચેષ્ટારૂપ વિકારી પરિણામનો કર્તા ભાસે છે. કારણ કે વસ્તુ ભગવાન ચૈતન્ય છે અને તેને યોગ્ય તો અનુભૂતિ છે. પણ સ્વભાવના ભાવ વિના, સ્વભાવને યોગ્ય નહિ એવા વિકારના પરિણામને પોતારૂપ કરતો થકો એ ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

અહીં જે અનુભૂતિમાત્ર કહ્યું છે તે પર્યાય નથી પણ ત્રિકાળી અનુભૂતિ અર્થાત્ દ્રવ્ય લીધું છે. ભાઈ ! તારે યોગ્ય તો આત્માની અનુભૂતિ છે. આત્માની અનુભૂતિ એ તારે લાયક છે, આત્મા ત્રિકાળી અનુભૂતિમાત્ર ભાવક છે પણ પોતાને ભૂલીને કર્મ ભાવકનું જે ભાવ્ય દયા-દાન આદિ તેને પોતારૂપ માનીને તું તે ભાવનો કર્તા થઈ રહ્યો છે. પરંતુ જેમ ભૂતની ચેષ્ટાઓ એ મનુષ્યને યોગ્ય નથી, તેમ રાગાદિ વિકારી ચેષ્ટાઓ એ કર્મનું ભાવ્ય-કાર્ય છે, એ કાર્ય તને યોગ્ય નથી. અજ્ઞાનને લઈને તને અયોગ્ય એવા વિકારી પરિણામ એ મારું કર્તવ્ય છે—એમ વિકારપણે પરિણમતો થકો વિકારનો કર્તા થઈ રહ્યો છે.

એ રીતે ભૂતાવિષ્ટ પુરુષના દૃષ્ટાંતથી જેમ તારા બેહદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ભૂલીને તું આત્મ-અનુભૂતિને અનુચિત એવા ક્રોધ, માન, માયા, લોભ આદિ

**સો શિવવાંછક પુરૂષ મોક્ષપટ કેમ ઉઘારૈ,**
**મોહ મુહર દિઢ કરી મોક્ષમંદિરકે દ્વારૈ. ૧૩.**
કલ્યાણ–કલ્પદ્રુમ–એકીભાવ સ્તોત્ર

પરિણામનો કર્તા થઈ રહ્યો છે એ તારી મોટી ભૂલ છે, મોટો મિથ્યાત્વદોષ છે—એમ કહ્યું. જેમ મનુષ્યનું મનુષ્યપણું ભૂલીને ભૂતની ચેષ્ટાને પોતાની માને છે તેમ પ્રભુ ! તને તું ભૂલીને વિકારની પામર ચેષ્ટાને તારા માની રહ્યો છે. અરેરે ! ભાઈ હવે તું તેનું કર્તાપણું છોડી દે—એમ કહેવાનું તાત્પર્ય છે.

હવે ધર્માસ્તિ આદિ છ—બોલ માટે ધ્યાનવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત કહે છે :

જેમ કોઈ અજ્ઞાની અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાનું ધ્યાન કરતો ભોળો પુરુષ પાડાને અને પોતાને એક કરતો થકો, મારે તો બહુ મોટા શીંગડા છે અને હું ઓરડામાંથી બહાર નીકળી શકું તેમ નથી—એમ મોટા શીંગડાવાળો હું મોટો મહિષ છું—એવા અધ્યાસને લીધે તે ભાવનો કર્તા પ્રતિભાસે છે.

તેવી રીતે આ આત્મા પોતાના અજ્ઞાનને લીધે જ્ઞેયજ્ઞાયકરૂપ અર્થાત્ સ્ત્રી-પુત્ર-મકાન આદિ અન્ય જીવ, અજીવ, ધર્માસ્તિ આદિ જ્ઞેય છે અને પોતે જ્ઞાયક છે. દૃષ્ટાંતમાં અપરીક્ષક આચાર્ય કહ્યું એનો અર્થ કે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવાથી ધર્મ થાય ઇત્યાદિ રાગમાં ધર્મ માનનાર અપરીક્ષક ઉપદેશક છે. અહીં કહે છે કે સ્ત્રી-પુત્રનો આત્મા જ્ઞેય તરીકે જાણવાલાયક છે, તેનું શરીર પણ જ્ઞેય તરીકે જાણવાલાયક છે. તેને બદલે શરીરને હું ભોગવું, દયા-દાન આદિ પર પદાર્થને હું ભોગવું એ પાડાના ધ્યાનની માફક પરમાં એકાકાર થઈ રહ્યો છે.

ભગવાન ! તું તો દયા-દાન આદિ રાગ કે સ્ત્રી-પુત્ર આદિ સમસ્ત પરપદાર્થના સંબંધથી રહિત છો એમ વીતરાગદેવ કહે છે. જે વીતરાગદેવનો ભગત હોય ઈ આ વાત માને !

પાડાનું ધ્યાન કરતા ધ્યાનાવિષ્ટ પુરુષની માફક આ આત્મા પણ અજ્ઞાનને લઈને, ધર્માસ્તિ આદિ જાણવાલાયક પરજ્ઞેય છે અને આત્મા જાણનારો છે એમ ન માનતા, પરજ્ઞેયને પોતાના માને છે કે પૈસા મારા, સ્ત્રી મારી, પુત્ર મારો. ખરેખર તો પોતે જાણનારો છે અને એ ચીજ જાણવાલાક છે, પણ એ ચીજ મારી છે એમ છે જ નહીં. લક્ષ્મી પરજ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે છતાં, અજ્ઞાનથી ભ્રમવશ પાડાના ધ્યાનથી પોતાને પાડો માને છે તેમ, અજ્ઞાનથી ભ્રમવશ લક્ષ્મી આદિ પરજ્ઞેયને મારા માને છે.

(ક્રમશઃ)

શિવપુરકેરો પંથ પાપતમસો અતિછાયો,
દુખસરૂપ બહુ કૂપખાડ સોં વિકટ બતાયો;




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, રવિવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



### શ્રી સમયસાર-શાસ્ત્રની પ્રતિષ્ઠાનો વાર્ષિક મહોત્સવદિન

'सर्व तत्त्वोंमें एक सारभूत ऐसा समयसार जयवंत है.' આજે શ્રીસમયસાર-શાસ્ત્રની પ્રતિષ્ઠાનો માંગળિક દિવસ છે ને શ્લોકમાં પણ બરાબર એ જ માંગળિક વચન આવ્યું છે કે સર્વ તત્ત્વોમાં એક સારભૂત સમયસાર જયવંત વર્તે છે.

સમયસાર એટલે શુદ્ધાત્મા. રાગાદિમાં કે વાણીમાં શુદ્ધાત્મા નથી. આ સમયસાર પુસ્તકમાં શુદ્ધ આત્મા નથી પણ સમયસારાદિ સત્ શાસ્ત્રો શુદ્ધ આત્માના વાચક છે-નિમિત્તપણે શુદ્ધ આત્માના દેખાડનારા છે, તેથી જેને અંતરમાં શુદ્ધ આત્માનું બહુમાન વર્તે છે તે જીવ, વિકલ્પ ઉઠતાં, શુદ્ધ આત્માના નિમિત્તરૂપ શાસ્ત્રોમાં પણ શુદ્ધ આત્માનો ઉપચાર કરીને તેમનું પૂજન અને બહુમાન કરે છે. આ રીતે, શાસ્ત્રોની ભક્તિ અને પૂજા પણ શાસ્ત્રકારોએ જણાવી છે. શુદ્ધ આત્માને બતાવનારી વાણીનું બહુમાન કરવામાં ખરેખર તો પોતાના શુદ્ધ સ્વભાવનું જ બહુમાન છે. સાધક જીવને પોતાના અખંડ સ્વભાવની ઓળખાણ અને મહિમા થતાં, નિમિત્તમાં તેનો આરોપ કરીને તેનું પણ તે બહુમાન કરે છે.

—પરંતુ કોઈ જીવ જો શાસ્ત્રના જ આધારે પોતાનું જ્ઞાન માની લે અને એકલા શાસ્ત્રનો જ આશ્રય રાખ્યા કરે તો તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રથી તો આત્મા જુદો છે અને શાસ્ત્ર તરફના વલણથી જે ભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે. શરીર-મન-વાણી જીવ નથી, તે તો જડ છે, અને જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ પણ વિકાર છે, તે જીવ નથી. જે ભાવે આત્માને બંધન થાય તે ભાવ વિકાર છે, તે વિકારરહિત શુદ્ધ એકરૂપ આત્મા છે, તે જ સમયસાર છે; તે સમયસાર સર્વ વિકારોથી દૂર છે. અવસ્થામાં જે વિકાર છે તે દ્રવ્યસ્વભાવમાં નથી. અવસ્થા તો એક સમયપૂરતી છે, ત્રિકાળીસ્વભાવમાં

**સ્વામી સુખસોં તહાં કૌન જન મારગ લાગૈં,**
**પ્રભુ પ્રવચન મણિદીપ જોન કે આગૈં આગૈં. ૧૪.**

તેનો સ્વીકાર નથી; માટે કહ્યું કે સમયસાર સંપૂર્ણ વિકારથી દૂર છે. જીવના સ્વભાવમાં શરીરાદિ અજીવની તો નાસ્તિ છે અને ક્ષણિક વિકારની પણ તેમાં નાસ્તિ છે. પર્યાયમાં ક્ષણિક વિકારની અસ્તિ છે ને ત્રિકાળી સ્વભાવમાં તેની નાસ્તિ છે.

સમયસાર એટલે શુદ્ધ આત્મા. જેવો સિદ્ધ પરમાત્માનો સ્વભાવ છે તેવો જ દરેક આત્માનો સ્વભાવ છે. તે સ્વભાવને સમજ્યા વગર કોઈ પણ ક્રિયાથી ધર્મ થાય નહિ. વ્રતાદિ કરીને રાગ પાતળો પાડે તો પુણ્ય થાય, પણ 'વ્રતાદિનો શુભરાગ તે હું ને તેનાથી મને ધર્મ થશે' એવી માન્યતા અનંત જન્મમરણનું મૂળ છે અને શુદ્ધ આત્મસ્વભાવની શ્રદ્ધા કરવી તે મોક્ષનું મૂળ છે. મારો સ્વભાવ શુદ્ધ જ્ઞાનમય છે, રાગાદિરહિત છે, તે ભવનું કારણ નથી; ભવનું કારણ તો વિકાર છે, મારા સ્વભાવમાં વિકાર જ નથી ને વિકારના ફળરૂપ ભવ પણ નથી.-આમ જ્યાં ભવરહિત સ્વભાવની પ્રતીતિ થઈ ત્યાં, અવસ્થામાં રહેલો અલ્પરાગ વિશેષ ભવનું કારણ નથી. આત્માના સ્વભાવમાં ભવ નથી અને સ્વભાવ ભવનું કારણ નથી તેથી જે જીવ આત્મસ્વભાવને માને છે તેને અનંત ભવ હોતા જ નથી. અને જે જીવ શુદ્ધ આત્મસ્વભાવની પ્રતીતિ નથી કરતો ને રાગને જ પોતાનું સ્વરૂપ માને છે તે જીવને અનંત ભવ છે. રાગાદિ વિકારોથી પોતાને લાભ માનવો તે જ અનંત સંસારની જડ છે. કેમ કે જેણે વિકારનો આદર કર્યો તેણે સંસારનો જ આદર કર્યો છે. જ્યાં સ્વભાવની પ્રતીતિ છે ત્યાં અનંત ભવમાં ભટકવાની શંકા નથી. શુભરાગ કરીને અજ્ઞાની એમ માને છે કે મેં ધર્મ કર્યો. પણ હજી અંતરમાં ભવરહિતપણાની નિઃશંકતા નથી તો ધર્મ કેવો? 'મારે અનંત ભવમાં રખડવાનું ભગવાને જોયું હશે તો?' આવી જેને શંકા છે તેને ધર્મ નથી. ધર્મી જીવ સ્વભાવના આશ્રયે નિઃશંક હોય છે કે મારે વિશેષ ભવ છે જ નહિ; જો મારે વિશેષ ભવ હોય તો ભગવાનના જ્ઞાનમાં દેખાય ને? આત્માના સ્વભાવમાં ભવ નથી, આત્માનો ગુણ કે ધર્મ ભવનું કારણ નથી. આત્માનો સ્વભાવ બેસે અને ભવની શંકા પણ રહે—એવી બે વાતનો મેળ નથી. મારો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે, તેમાં વિકાર નથી—ભવ નથી. આત્માનો સ્વભાવ નિઃશંક નિસંદેહ છે. ઊંધાઈથી પરમાં સુખ માનીને જીવ નિસંદેહ થયો છે. જો સવળાઈથી પોતાના આત્માની પ્રતીતિ કરે તો આત્મસ્વભાવમાં નિઃશંકતા થાય ને ભવની શંકા ટળે. જ્યાં સ્વભાવની શ્રદ્ધા ત્યાં ભવની શંકા નહિ અને જ્યાં ભવની શંકા ત્યાં ભવના નાશક આત્મસ્વભાવની શ્રદ્ધા નહિ. જેણે આત્માના નિર્વિકારી સ્વભાવને જાણ્યો નથી અને અધર્મમાં જ ધર્મ માન્યો છે તેને જ

કર્મપટલભૂમાહિં દબી આતમનિધિ ભારી,
દેખા અતિસુખ હોય વિમુખજન નાહિં ઉઘારી;

ભવની શંકા હોય છે અને તેને જ ભવ છે—એમ ભગવાન જાણે છે. પણ જેને સ્વભાવની પ્રતીતિ થઈ છે તેને અનંત ભવ હોતા જ નથી તેથી ભગવાનના જ્ઞાનમાં પણ તેના ભવ દેખાતા નથી.

અહીં આચાર્યદેવ કહે છે કે—અલ્પકાળમાં જેમને ભવરહિત થવું છે એવા નિકટભવ્ય જીવો આ શુદ્ધ આત્માનો આદર કરો, તેની ઓળખાણ કરો, તેના અનુભવનો અભ્યાસ કરો. આ શુદ્ધાત્મા સર્વ વિકારથી દૂર છે, પરનું કાંઈ કરવાનો વિકલ્પ પણ તેનામાં નથી અને એક સમયપૂરતી જે નિર્મળદશા પ્રગટે છે તેટલો પણ તે નથી. શરીર વગેરેની ક્રિયા કરનારો આત્મા છે—એમ માનવું તે મૂઢતા છે; એ મૂઢપણું આત્માનું સ્વરૂપ નથી. અને તે મૂઢતા ટાળીને સાચી સમજણ પ્રગટ કરે તે અવસ્થા જેટલો પણ આત્મા નથી. અહો, ત્રિકાળી પૂરું દ્રવ્ય શું છે—એની યથાર્થ વાત પણ જેણે સાંભળી ન હોય તે જીવ સમજે તો ક્યાંથી ? અને પૂરો સ્વભાવ સમજ્યા વગર ધર્મ કેવો ? પાત્ર થઈને યથાર્થ ચૈતન્યસ્વભાવની વાત સત્પુરુષ પાસેથી જેણે કદી સાંભળી જ ન હોય તે જીવ ધર્મ (—સમ્યગ્દર્શન) પામી શકે જ નહિ—એવો નિયમ છે.

ધર્મી જીવોએ આત્માનો કેવો અનુભવ કર્યો ? શરીરને કે વિકારને આત્મા તરીકે ન અનુભવ્યા; સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન કે મોક્ષ અવસ્થા તે એક જ સમયપૂરતી છે તેને લક્ષમાં ન લીધી અર્થાત્ તે અવસ્થા જેટલો આત્માને ન અનુભવ્યો; પણ અવસ્થાદૃષ્ટિ છોડીને, આખું તત્ત્વ અનંતગુણના પિંડરૂપ, ત્રિકાળ એકરૂપ પરમાત્મસ્વરૂપ છે તેને લક્ષમાં લઈને સ્વાનુભવ કર્યો, એટલે પોતાનો જે પૂરો સ્વભાવ છે તેમાં જ અભેદ થઈને પર્યાય પરિણમ્યો.—આ જ ધર્મ છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૬ થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

આનંદગુણ—સુખગુણ પણ તેમાં છે, પણ તે આનંદ એવો વિશેષગુણ નથી કે જેથી દ્રવ્ય પકડાય. જ્ઞાન જ એવો વિશેષ અસાધારણ સ્વભાવ છે કે તેનાથી આત્મા ગ્રહણ થઈ શકે છે. આ બહારનું જાણ્યું, આ જ્ઞેયને જાણ્યું, આ જાણ્યું તે જ્ઞાન એમ નહિ પણ તે જ્ઞાન ક્યાંથી આવે છે ? તે જ્ઞાનનો ધરનારો કોણ છે ? જ્ઞાનનું અસ્તિત્વ કયા દ્રવ્યમાં રહેલું છે ? એમ તે દ્રવ્યને ગ્રહણ કરે. જ્ઞેયાશ્રિત જ્ઞાન હું નહિ, પરંતુ હું સ્વયં જ્ઞાનસ્વરૂપ છું, જ્ઞાનનો ધરનારો ચૈતન્ય છું એમ તેને ગ્રહણ કરવો.

તુમ સેવક તતકાલ તાહિ નિહચૈ કર ધારૈ,
થુતિ કુદાલસોં ખોદ બંદ ભૂ કઠિન વિદારૈ. ૧૫.



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે સર્વથા એકાંતરૂપ વસ્તુને કાર્યકારીપણું નથી એમ કહે છે :–

एयंतं पुणु दव्वं कज्जं ण करेदि लेसमेत्तं पि।
जं पुणु ण करदि कज्जं तं वुच्चदि केरिसं दव्वं ॥२२६॥

અર્થ :—વળી એકાન્તસ્વરૂપ દ્રવ્ય છે તે લેશમાત્ર પણ કાર્ય કરતું નથી તથા જે કાર્ય જ ન કરે તે દ્રવ્ય જ કેવું? તે કરે તો શૂન્યરૂપ છે.

ભાવાર્થ :—જે અર્થક્રિયાસ્વરૂપ હોય તેને જ પરમાર્થરૂપ વસ્તુ કહી છે અને જે અર્થક્રિયારૂપ નથી તે તો આકાશના ફૂલની માફક શૂન્યરૂપ છે.

હવે એમ કહે છે કે સર્વથા નિત્ય અથવા સર્વથા અનિત્ય એકાંત વસ્તુમાં કાર્યકારીપણું નથી.

જો વસ્તુમાં સ્વરૂપથી અસ્તિપણું અને પરરૂપથી નાસ્તિપણું ન હોય તો તે વસ્તુ ટકી જ ન શકે. આત્મા, આત્મારૂપથી છે અને શરીરરૂપથી નથી–એમ તેનો અનેકાંત-સ્વભાવ છે. આત્મા નિત્ય જ છે–એમ એકાંત કહો તો તેમાં પરિણમન વગર કાર્યની ઉત્પત્તિ થતી નથી તથા એકાંત અનિત્ય જ હોય તો પણ કાર્ય થઈ શકતું નથી. પરિણામ વગર વસ્તુ હોતી નથી અને વસ્તુના વગર પરિણામ શેમાં થશે ? માટે વસ્તુ દ્રવ્યરૂપથી નિત્ય છે અને પર્યાયરૂપથી અનિત્ય છે–એમ બન્ને ધર્મ તેમાં એક સાથે રહેલા છે. પદાર્થનું એવું સ્વરૂપ જાણવાથી જ સમ્યગ્જ્ઞાન થાય છે અને તે જ ધર્મ છે.

આત્મામાં ધર્મ ક્યારે થાય ? જો આત્મા કાયમ રહે અને તેની અવસ્થા બદલતી રહેતી હોય ત્યારે. જગતની કોઈપણ વસ્તુ લઈ લો, તેમાં દરેક સમયે નવું નવું કાર્ય થઈ રહ્યું છે. વસ્તુરૂપથી એક હોવા છતાં પર્યાયમાં અનેકતા છે. અનેકતા વિના નવીન કાર્ય થઈ શકતું નથી–એવું અનેકાંત વસ્તુસ્વરૂપ છે. જો લોટના પરમાણુઓમાં પરિણમન ન હોય તો લોટ પરિણમિત થઈને રોટલી બની શકતી નથી અને જો પરમાણુ કાયમ ન રહેતા હોય તો પરમાણુ વગર રોટલી કેવી રીતે થશે ? તેથી નિત્ય-અનિત્યપણું વસ્તુનો સ્વભાવ છે. તેવી રીતે નિત્ય-અનિત્ય ધર્મની જેમ એક-અનેકપણું, અસ્તિ-નાસ્તિપણું

શ્યાદ્વાદગિરિ ઉપજૈ મોક્ષ સાગર લોં ધાઈ,
તુમ ચરણાંબુજ પરસ ભક્તિગંગા સુખદાઈ;

ઈત્યાદિ પણ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુ અનેકાંત સ્વરૂપ વગર કાર્ય કરી શકતી નથી અને કાર્ય જ ન કરે તો તેને વસ્તુ જ ન કહી શકાય. તે વસ્તુ તો શૂન્યરૂપ થઈ ગઈ છે.

ભાઈ તું સમજ !—એમ કહેતા જ અનેકાંત સિદ્ધ થઈ જાય છે. જો સામેવાળો જીવ નિત્ય કાયમ ન હોય તો 'તું સમજ'—એમ કોને કહેવાયું ? કે જો સામેવાળો જીવ અણસમજદશાને બદલીને સમજી ન શકતો હોય ત્યારે અર્થાત્ તેમાં અનિત્યપણું ન હોય તો તેને સમજાવવા માટે કેમ કહેવામાં આવે છે ? 'તું સમજ'—એમ કહેતા જ તેમાં નિત્ય-અનિત્યપણું સિદ્ધ થઈ જાય છે.

તું સમજ—એમ કહેવાવાળો સામેવાળો જીવ અલગ છે અને તે રૂપ આ જીવ નથી. આ સમજવાવાળો જીવ પોતાનાથી અસ્તિરૂપ છે અને બીજા જીવમાં તેની નાસ્તિ છે—એમ અસ્તિ-નાસ્તિ ધર્મ પણ તેમાં છે તથા તે જીવ એકનો એક રહેતો હોવા છતાં પરિણમનની અપેક્ષાએ તેમાં અનેકાંત પણ છે. નિત્યપણાની અપેક્ષાએ એકતા છે અને અનિત્યપણાની અપેક્ષાએ અનેકાંત છે. આ પ્રકારે દરેક વસ્તુનો સ્વભાવ છે. દરેક વસ્તુ પોત-પોતાનું કાર્ય કરી રહી છે, આ સમજાતા જ જગતના પદાર્થોની ભિન્નતા જાણીને પોતાનો આશ્રય કરવો રહ્યો. આ વાતને સમજવાવાળામાં અજ્ઞાન રહેતું નથી.

તાત્પર્ય એ છે કે આકાશના ફૂલ તો કોઈ વસ્તુ જ નથી કારણ કે કોઈ સુગંધ આદિ કાર્ય તેનામાં જોવામાં આવતા નથી. આ પ્રમાણે જગતમાં સર્વથા અનિત્ય અથવા સર્વથા કૂટસ્થ કોઈ વસ્તુ છે જ નહીં.

હવે સર્વથા નિત્ય-એકાન્તમાં અર્થક્રિયાકારીપણાનો અભાવ દર્શાવે છે :—

**परिणामेण विहीणं णिच्चं दव्वं विणस्सदे णेव ।**
**णो उप्पज्जदि य सया एवं कज्जं कहं कुणदि ।।२२७।।**

અર્થ :—પરિણામ રહિત જે નિત્ય દ્રવ્ય છે તે કદી વિણસે-ઊપજે નહિ, તો તે કાર્ય શી રીતે કરે? એ પ્રમાણે જે કાર્ય ન કરે તે વસ્તુ જ નથી. જો તે ઊપજે–વિણસે તો સર્વથા નિત્યપણું ઠરતું નથી.

જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય અને તેનું પરિણમન ન થતું હોય તો કાર્ય કઈ રીતે થશે ? જો વસ્તુની પૂર્વ પર્યાય ન વિણસે તો નવી પર્યાય કેવી રીતે ઉત્પન્ન થશે ?

**મો ચિત્ત નિર્મલ થયો ન્હોન રુચિપૂરવ તામૈં,**
**અબ વહ હો ન મલીન કૌન જિન સંશય યામૈં. ૧૬.**

લોટની પર્યાય નાશ ન પામે તો રોટલી કેવી રીતે બનશે? જો આત્માની પર્યાય દરેક સમયે ન થતી હોય તો અજ્ઞાનમાંથી જ્ઞાન ન થઈ શકે. દુઃખનો અભાવ થઈ સુખ ન થઈ શકે. દુઃખનો નાશ અને સુખની ઉત્પત્તિ—એમ ઉપજવું-વિણસવું થાય છે. માટે વસ્તુ સર્વથા નિત્ય નહીં પણ દરેક સમયે બદલતી રહે છે અર્થાત્ વસ્તુમાં દરેક સમયે ઉત્પાદ-વ્યય-વિનાશ થાય છે—એમ તેનો અનિત્ય સ્વભાવ છે. જગતમાં પ્રત્યક્ષ દેખાય છે કે વસ્તુમાં પ્રતિક્ષણ નવા-નવા કાર્યની ઉત્પત્તિ થાય છે અને પૂર્વ પર્યાયનો વિનાશ થાય છે.

હવે ક્ષણસ્થાયી (સર્વથા અનિત્ય—બૌદ્ધ)ને કાર્યનો અભાવ દર્શાવે છે :—

**पज्जयमित्तं तच्चं विणस्सरं खणे खणे वि अण्णण्णं।**
**अण्णइदव्वविहीणं ण य कज्जं किं पि साहेदि ॥२२८॥**

અર્થ :—જો ક્ષણસ્થાયી—પર્યાયમાત્ર તત્ત્વ ક્ષણ-ક્ષણમાં અન્ય અન્ય થાય એવું વિનશ્વર માનીએ તો તે અન્વયી દ્રવ્યથી રહિત થતું થકું કાંઈ પણ કાર્ય સાધતું નથી. ક્ષણસ્થાયી-વિનશ્વરને વળી કાર્ય શાનું? (ન જ હોય).

જો વસ્તુ નિત્ય ન રહેતી હોય તો પૂર્વ-ઉત્તર પરિણામની સંધિ કોણે કરી? એક તરંગ ગઈ અને બીજી તરંગ આવી પણ કોની? પાણીની. પાણી તો બધા તરંગોમાં અન્વય રહેવાવાળો છે. નિત્ય વસ્તુના વગર કાંઈપણ નિશ્ચિત થઈ શકતું નથી. જેણે કાલે રૂપિયા આપ્યા હતા, આ તે જ મનુષ્ય છે, એવી નિત્યતા વગર નિશ્ચિત થઈ શકતું નથી. મનુષ્યની અવસ્થા પલટાઈ પરંતુ મનુષ્ય તો તે જ છે, મનુષ્ય નવો નથી થયો; આ પ્રકારે આત્મવસ્તુ નિત્ય કાયમ રહીને, પ્રતિક્ષણ પલટે છે. દુઃખ ભોગવવાવાળો આત્મા બીજો અને દુઃખનો અભાવ થઈને સુખી થયો, તેને ભોગવવાવાળો આત્મા બીજો—એમ નથી. દુઃખમાં અને સુખમાં એક જ આત્મા છે. તે આત્મા, નિત્ય કાયમ રહીને, તેની અવસ્થા બદલાતી રહે છે. *(ક્રમશઃ)*

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ) (છઢાળા - પ્રવચન)

ભૂલી જવું. (શ્રીમદ્ રાજચન્દ્ર) હે જીવ! આવા મિથ્યાત્વને લીધે તેં ચાર ગતિમાં અનંત દુઃખ ભોગવ્યાં; હવે પરમ સુખરૂપ એવા મોક્ષને પામવા માટે તું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અંગીકાર કર. (ક્રમશઃ)

**તુમ શિવસુખમય પ્રગટ કરત પ્રભુ ચિંતન તેરો,**
**મૈં ભગવાન સમાન ભાવ યોં વરતૈ મેરો;**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૦, ગાથા ૧૧)

## પર પદાર્થોને ભલા-બૂરા માનવા તે જ સંસાર-ભ્રમણનું કારણ

અહા ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ નથી, પણ એ રાગ છે. પરંતુ તે રાગથી મારું કલ્યાણ થશે તેમ માનવું તે મિથ્યાત્વ છે. કેમકે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે તો ગણધરને ને સમકિતીને પણ રાગ હોય છે. છતાં પણ તે રાગ પરને લઈને થયો છે કે તે મારું કર્તવ્ય છે—મારો સ્વભાવ છે એમ તે જાણતા-માનતા નથી. પણ તે ભૂમિકામાં એવો રાગ આવ્યા વિના રહેતો નથી. જ્યારે અજ્ઞાની તો રાગને જ કલ્યાણનું કારણ માને છે. તેના—મિથ્યાત્વ સહિતના રાગની અહીં વાત ચાલે છે.

દ્રવ્યલિંગી ૨૮ મૂળગુણ પાળીને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો છે. તોપણ પુણ્યને ધર્મ માન્યો છે ને શરીરની ક્રિયા મારાથી થાય છે તેમ માનીને મિથ્યાત્વને પાળ્યો છે. નવમી ગ્રૈવેયકે ગયો પણ આ મિથ્યાત્વને ટાળ્યો નહિ. અજ્ઞાની જ્યાં સુધી આત્મા શુદ્ધ જ્ઞાયક છે તેવી દૃષ્ટિ નહીં કરે અને પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટના ભાગલા પાડશે ત્યાં સુધી તેને ૮૪ના અવતાર ચાલ્યા કરશે પણ 'હું ચૈતન્યમૂર્તિ છું—શુદ્ધ જ છું, રાગનો કણ પણ કરવો તે મારા સ્વરૂપમાં નથી'—એમ સ્વભાવની દૃષ્ટિ કરશે તો રાગ-દ્વેષ રોકાઈ જશે, ટળી જશે.

શ્રી 'પંચાસ્તિકાય'ની ૧૨૮-૧૨૯-૧૩૦ ગાથામાં કહ્યું છે કે જે સંસારમાં-મિથ્યાત્વમાં રહેવાવાળો જીવ છે તેને રાગ-દ્વેષ પરિણામ થાય છે. તેનાથી કર્મબંધ થાય છે. બાંધેલ કર્મથી સ્વર્ગાદિ ગતિ જીવને થાય છે. તેનાથી શરીર પ્રાપ્ત થાય છે. શરીર પ્રાપ્ત થવાથી પાંચ ઈન્દ્રિયની પ્રાપ્તિ થાય છે. ઈન્દ્રિયો પર ઉપર લક્ષ કરનારી હોય છે ને વિષયને—પરને શુભ-અશુભ માનતાં રાગ-દ્વેષ થાય છે. આ પ્રમાણે સંસારચક્રમાં જીવને ભાવ થયા કરે છે એમ જિનવરોએ કહ્યું છે.

અહા ! અનંતવાર સમવસરણ જોયા, અનંતવાર ભગવાન જોયા ને અનંતવાર દ્રવ્યલિંગી પણ થયો. પણ એ તો પર વિષય છે. ને તેનાથી શુભરાગ-પુણ્ય થયું, જે બંધનું કારણ થયું. અહા ભાઈ ! એક ને એક બે જેવી વસ્તુ છે કે પોતાના આત્માને-સ્વને વિષય કરે તો તેમાં રાગ ન થાય ને પરનો વિષય કરે તો તેમાં રાગ શુભ કે અશુભ થયા વિના

યદપિ જૂઠ હૈ તદપિ તૃપ્તિ નિશ્ચલ ઉપજાવૈ,
તુવ પ્રસાદ સકલંક જીવ વાંછિત ફલ પાવૈ. ૧૭.

રહે નહીં. માટે પરનું લક્ષ છોડે તો સ્વમાં જવાય. પણ જે પરના લક્ષમાં જ લાભ માને છે તે પરલક્ષ છોડે કેવી રીતે ? સમવસરણમાં અનંતવાર ગયો છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર પાસે પણ ગયો છે. પણ તેથી શું ? કામ-ભોગ ને બંધની કથા સાંભળી છે. સમયસારની ચોથી ગાથામાં આવે છે કે 'શ્રુત-પરિચિત-અનુભૂત સર્વને કામ ભોગબંધનની કથા....' કામ એટલે રાગ ને ભોગ એટલે દુઃખને ભોગવવું. આમ પુણ્યપાપને કરવાની તથા ભોગવવાની વાત તેણે સાંભળી છે. પણ રાગ-દ્વેષ વિનાના આત્માની વાત તેણે સાંભળી નથી.

શ્રી 'સમયસાર'ની ૩૧મી ગાથામાં જિતેન્દ્રિયની વ્યાખ્યા કરી છે કે પાંચ દ્રવ્યેન્દ્રિય, ખંડ-ખંડ જ્ઞાન-ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિયના વિષયોથી હઠીને અતીન્દ્રિય આત્મા તરફ જાય ત્યારે વિષયો જિત્યા કહેવાય. ને ત્યારે જિતેન્દ્રિયપણું કહેવાય છે. અહા ! સ્વના લક્ષ વિના આ શરીર મળ્યું, શરીરથી ઇન્દ્રિયો મળી ને ઇન્દ્રિયોથી પર લક્ષ કરતાં રાગ-દ્વેષ થયા, રાગ-દ્વેષથી બંધ થયો ને બંધથી પાછું શરીર મળ્યું. આમ ચક્કર ચાલ્યા કરે છે.—જીવનું અનાદિથી ભવ-પરિભ્રમણ થયા જ કરે છે. એમ જિનેન્દ્રદેવ-સર્વજ્ઞ-ત્રિલોકનાથ કહે છે.

અહા ! સ્વની રુચિ વિના પરપદાર્થના લક્ષમાં ઠીક-અઠીક માનીને, રાગ-દ્વેષ કરીને મિથ્યાત્વના ભાવથી તે રખડી રહ્યો છે. જ્યાં સુધી આ ઠીક-અઠીકપણું પરના વિષયમાં—ઇન્દ્રિય તરફના લક્ષમાં રહેશે ત્યાં સુધી સંસાર એમ ને એમ ઊભો રહેશે, પણ જ્યારે ઇન્દ્રિયાતીત ભગવાન આત્માની દૃષ્ટિ કરશે ત્યારે તે અટકશે. સ્વ ચૈતન્યનો આશ્રય કરતાં ને પરની એકત્વબુદ્ધિ છૂટતાં, રાગ-દ્વેષ (એકતાબુદ્ધિવાળો) નહિ રહે ને સંસાર નહિ રહે—પરિભ્રમણ છૂટી જશે...

## નિજ સ્વભાવમાં સુખને શોધ, તો પરિભ્રમણના દુઃખ ટળશે

જેમ દૂધમાં રવૈયો (-દંડ) બહુ ફર્યા કરે છે, તેમ પોતાનું સ્વરૂપ કે જે આનંદ અને જ્ઞાન છે તેના ભાન વિના શુભ અને અશુભ રાગ અને તેમાં મને સુખ છે તેવા મિથ્યાત્વભાવથી જીવ અનંતકાળથી રવૈયાની માફક સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તીર્થંકર સર્વજ્ઞદેવે જે આત્મા જોયો તે આત્મા તો અંદર જ્ઞાન આનંદ સ્વરૂપ છે. પણ તે અતીન્દ્રિય આત્મસ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપના ભાવથી અને તે મારા છે એવા મિથ્યાત્વભાવથી નવા કર્મ બાંધીને અનંતકાળથી ચોરાશીમાં પરિભ્રમણ કરી રહ્યો છે. તેને ક્યાંય સુખ છે નહિ કેમકે સુખ તો આત્મામાં છે, આત્માની શાંતિ આત્મામાં છે, અને

વચન જલધિ તુમ દેવ સકલ ત્રિભુવનમેં વ્યાપૈ,
ભંગ તરંગિનિ વિકથવાદમલ મલિન ઉથાપૈ;

સર્વજ્ઞ પરમેશ્વરે તે આત્માની શાંતિ અંદરમાંથી પ્રગટ કરીને પૂરણ આનંદની પ્રાપ્તિ કરી છે. પરંતુ એ આત્માની શાંતિ અજ્ઞાનીને મૂઢતાને લઈને સંતાઈ ગઈ છે. તેને ભાન નથી કે આ આત્મા શું ? અને હું શેમાં શાંતિ માની રહ્યો છું ! તેણે પુણ્ય-પાપના વિકારી ભાવને સુખરૂપ માન્યા છે અને તેના બંધનને પણ ઠીક માન્યું છે કે આ પુણ્ય-બંધન હોય તો ઠીક તથા તેને ફળ તરીકે ધૂળ-ધન આદિ સંયોગ મળે તે પણ ઠીક. પણ તેમાં સુખ કે દિ' હતું ? શું મૂઢ માને એટલે સુખ મળી જાય ? ઝેર ખાય ને જીવન માગે તો જીવન મળી જાય ?

આત્માનો ધર્મ-સ્વભાવ આત્મામાં છે, તો તેવા આત્માના સ્વભાવને અંદર ન માનતાં શુભાશુભ રાગ-વિકાર, તેનું બંધન અને તેના ફળમાં મને ઠીક છે એમ અનાદિથી માની રહ્યો છે. પોતાનું હિત જે સંવર-નિર્જરા ને મોક્ષની દશા તે તો પોતાના અંતર સ્વભાવમાંથી પ્રગટે તેવી ચીજ છે. તે કાંઈ બહારથી આવે એવી ચીજ નથી. છતાં તેનું ભાન નહીં હોવાથી સુખને માટે બહારમાં મથી રહ્યો છે. બહારનો ત્યાગી થયો હોય તોપણ જો અંદરમાં શુભરાગમાં મીઠાશ માને છે તો તે મિથ્યાત્વનો ત્યાગી નથી, પણ સમ્યગ્દર્શનનો ત્યાગી છે ને તેણે મિથ્યાત્વને ગ્રહણ કર્યું છે.


પ્રશ્ન : સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર વડે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે ને ત્યાં મોક્ષમાં જીવ સુખી રહે છે, પણ સંસારમાં જીવ સુખી રહે તો શું નુકસાન છે ? સંસારના સર્વ જીવ સુખની પ્રાપ્તિ કરવા ઇચ્છે છે. હવે જો સંસારમાં સુખી થઈ જાય તો ખરાબ શું છે ? કે જેથી તેનો નાશ કરવા માટે સંતપુરુષ પ્રયત્ન કરે છે ?	(ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ)

| | | | |
|---|---|---|---|
| | | ૨૨-૧-૧૯૬૪ | ચક્રવર્તી દ્વારા શ્રી ગોમ્મટસારની રચના તથા ઈન્દ્રગિરિ પર ૫૭ ફૂટના શ્રી બાહુબલી પ્રતિમા |
| ૪૧ | શ્રી પોન્નુર | ૨૬-૧-૧૯૬૪<br>૨૭-૧-૧૯૬૪ | શ્રી કુંદકુંદાચાર્યની તપોભૂમિ |
| ૪૨ | શ્રી પાવાપુરી | ૩૧-૧-૧૯૬૭ | શ્રી મહાવીર ભગવાનની નિર્વાણભૂમિ |
| ૪૪ | શ્રી સમ્મેદશિખરજી | ૨૬-૩-૧૯૬૭ | વીસ તીર્થંકર તથા અસંખ્ય મુનિઓની નિર્વાણભૂમિ |
| ૪૫ | શ્રી રાજગૃહી | ૧-૪-૧૯૬૭ | શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૪૬ | શ્રી મથુરા | ૨૦-૪-૧૯૬૭ | શ્રી જંબૂસ્વામી તથા મહામુનિ વિદ્યુત વગેરે પાંચસો મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૪૭ | શ્રી ગિરનારજી | ૧૪-૨-૧૯૭૫ | શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી શંબુકુમાર, અનિરુદ્ધકુમાર, પ્રદ્યુમ્નકુમાર આદિ ૭૨ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૪૮ | શ્રી પોન્નુર(વન્દેવાસ) | ૧૩-૩-૧૯૭૮ | શ્રી કુંદકુંદાચાર્યની તપોભૂમિ |




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(ગાથા-૧)

## શ્રીગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે

જગતના જીવો દુઃખથી ભયભીત છે ને સુખને ઈચ્છે છે; તેથી જીવોનું દુઃખ મટે ને સુખ થાય—એવો ઉપદેશ શ્રીગુરુએ કરુણા કરીને આપ્યો છે. શ્રીગુરુએ શાસ્ત્રમાં જે હિતોપદેશ દીધો છે તે અનુસાર આ છઢાળામાં કહીશું.—

**जे त्रिभुवनमें जीव अनन्त, सुख चाहे दुःखतैं भयवन्त।**
**तातैं दुखहारी सुखकार, कहैं सीख गुरु करुणा धार ॥१॥**




ત્રણ લોકમાં સાર વીતરાગવિજ્ઞાન છે—એમ બતાવીને હવે તે વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. ત્રણ લોકમાં જે અનંત જીવો છે તેઓ સુખને ચાહે છે ને દુઃખથી ડરે છે, તેથી તેમને સુખ કેમ થાય ને દુઃખ કેમ ટળે ?—એવા મોક્ષમાર્ગનો હિતકારી ઉપદેશ કરુણાધારી શ્રીગુરુ આપે છે. મોક્ષમાર્ગ કહો, રત્નત્રય કહો કે વીતરાગવિજ્ઞાન કહો, તેના વડે જ જીવોને સુખ થાય છે ને દુઃખ મટે છે. તેથી જ્ઞાની ગુરુઓએ કરુણા કરીને જીવોને તેની શિખામણ આપી છે, તેનો ઉપદેશ આપ્યો છે. આવો ઉપદેશ સમજીને સાચો ઉપાય કરતાં દુઃખ ટળે છે ને સુખ થાય છે.

અરે, અજ્ઞાનભાવથી જીવો ચારગતિના દુઃખોમાં તરફડી રહ્યા છે. જ્ઞાની પોતે પૂર્વે અજ્ઞાનદશામાં એવું દુઃખ વેદી ચૂક્યા છે, ને આત્માનું સાચું સુખ પણ તેમણે ચાખ્યું છે, તેથી જગતના જીવો ઉપર તેમને પ્રશસ્ત કરુણા આવે છે કે અરે, અજ્ઞાનના આ ઘોર દુઃખોથી જીવો છૂટે ને સાચું આત્મસુખ પામે. આવી કરુણાથી, દુઃખનું કારણ જે મિથ્યાત્વ તેને છોડવાનો અને સુખનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેને અંગીકાર કરવાનો ઉપદેશ દીધો છે. તારું કલ્યાણ ચાહતો હો તો હે જીવ ! તું આ ઉપદેશને સ્થિર મનથી સાંભળ,—એમ બીજી ગાથામાં કહેશે.

**મનસુમેરુસો મથૈ તાહિ જે સમ્યગ્જ્ઞાની**
**પરમામૃત સોં તૃપત હોહિં તે ચિરલોં પ્રાની. ૧૮.**

જુઓ તો ખરા સન્તોની કરુણા ! પ્રવચનસારમાં પણ કહે છે—''પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્યજીવોના હિતને માટે...આ ટીકા કરવામાં આવે છે.'' અતીન્દ્રિય આનંદરસની જેને તરસ લાગી છે એવા જીવને તે અતીન્દ્રિય આનંદનું એવું સ્વરૂપ સમજાવે છે કે જે સમજતાં અપૂર્વ આનંદસહિત સમ્યગ્દર્શન થાય.

પરમાત્મપ્રકાશની ઉત્થાનિકામાં પણ પ્રભાકર–શિષ્ય શ્રીગુરુને વિનંતિ કરે છે કે હે સ્વામી ! આ સંસારમાં ભમતાં ભમતાં મારો અનંતકાળ વીતી ગયો પણ હું સુખ જરાય ન પામ્યો, મહાન દુઃખ જ પામ્યો, અનંતવાર ઉત્તમ કુળ વગેરે સામગ્રી મળી છતાં હું જરાય સુખ ન પામ્યો. સ્વર્ગમાં પણ મને સુખ ન મળ્યું, વીતરાગી પરમાનંદસુખનો સ્વાદ મેં કદી ન ચાખ્યો. આ પ્રમાણે પોતાના ભાવ નિર્મળ કરીને શિષ્ય વિનવે છે કે હે ગુરુ ! આ ચાર ગતિના દુઃખથી સંતપ્ત એવા મને, પ્રસન્ન થઈને તમે કોઈ એવું પરમાત્મતત્ત્વ બતાવો કે જેને જાણવાથી ચારગતિનાં દુઃખનો નાશ થાય, ને આનંદ પ્રગટે.

ત્યારે શ્રીગુરુ કહે છે કે એવું સ્વરૂપ હું તને કહું છું તે 'णिसुणि तुहुँ' તું સાંભળ. આમ જે જીવ અંદરથી ઘા નાંખતો જિજ્ઞાસુ થઈને આવ્યો છે તેને માટે આ હિતનો ઉપદેશ છે.

ચાર ગતિમાં કુલ અનંતા જીવો છે : મનુષ્યમાં સંખ્યાતા છે, નરકમાં અસંખ્યાતા છે, દેવલોકમાં અસંખ્યાતા છે અને તિર્યંચમાં અનંતા છે; તિર્યંચમાં બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો તો અસંખ્યાતા જ છે પણ એકેન્દ્રિયજીવો અનંત છે. મિથ્યાત્વને લીધે તે બધાય જીવો મહાદુઃખી છે. એ બધાય જીવો દુઃખથી તો ડરે છે, ને સુખને જ ચાહે છે; પણ તે સુખ ક્યાં છે ને કેમ પ્રગટે? તેનો ઉપાય જાણતા નથી; દુઃખ કેમ છે ને કેમ ટળે? તેની તેને ખબર નથી; એટલે સુખને માટે બહારમાં ને બહારમાં ઝાંવા નાંખે છે. પણ એ બહારના ઉપાયથી તેનું દુઃખ મટતું નથી ને એને સુખ થતું નથી. તેથી તે જીવો ઉપર કરુણા કરીને દુઃખથી છૂટવાનો ઉપાય સન્તોએ બતાવ્યો છે. હે જીવ! તારો મિથ્યાત્વભાવ જ તને દુઃખનું કારણ છે, એટલે તારી ભૂલથી જ તું દુઃખી છો; સાચા ભેદજ્ઞાનવડે એ ભૂલ મટાડ અને સમ્યક્ત્વાદિ પ્રગટ કર,—એ જ સુખી થવાનો ઉપાય છે. હે જીવ! તારા દોષે તને બંધન છે—એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું, ને પોતે પોતાને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

**જો કુદેવ છબિહીન વસન ભૂષણ અભિલાખૈ;**
**વૈરી સોં ભયભીત હોય સો આયુધ રાખૈ;**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

આત્માની શાંતિરૂપ પ્રકાશને અનુભવ કહે છે. આત્મામાં શાંતિ ને આનંદ શક્તિરૂપે અનાદિ અનંત પડ્યા છે. તેવા આત્માનો પુણ્ય-પાપ રહિત અનુભવ તેને ધર્મ કહે છે. અકષાય પરિણામના પ્રકાશને અનુભવપ્રકાશ કહે છે.

હે ચિદાનંદરામ! અહીં 'રામ' શબ્દ આત્મામાં રમણતાની અપેક્ષાએ વાપરેલ છે. શરીર, મન, વાણી, પુણ્ય-પાપ નાશવાન છે. તે તારું સ્વરૂપ નથી. તમે ચિદાનંદ અમર છો—એમ માની પોતાને અવલોકો. તમારું મરણ થતું નથી, શરીરનો ને વિકારનો વ્યય થાય છે.

જેવી રીતે કોઈ ચક્રી પોતાના મહેલમાં ચૌદ રત્ન અને નવનિધિ હોવા છતાં દરિદ્ર થઈને ફરે, પણ પોતાની નિધિનું અવલોકન કરે તો ચક્રવર્તી થાય, તેમ આત્મા એક સમયમાં પ્રભુત્વશક્તિથી ભરેલો છે. એક સમયના પુણ્ય-પાપને અવલોકે નહિ, પણ પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને અવલોકે તો પોતે પરમેશ્વર છે.

શરીર સારું હોય તો ધર્મ થાય, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય—એવા ભિખારાવેડા કરી જીવ રખડી રહ્યો છે. એક સમયમાં નિત્યાનંદ પ્રભુ પૂર્ણ છે. પુણ્ય-પાપની રુચિ કરવી તે ભિખારી-પદ છે, તે તેનું પદ નથી કેમકે પોતે પરમેશ્વર પદવાળો છે. મને સ્ત્રી મળે, મને અધિકારીપણું મળે, આમ ભિખારાવેડા અજ્ઞાની કરે છે, તે પરમેશ્વરપદને ઓળખતો નથી.

દેખો, દેખો તારી ભૂલ, જ્ઞાનમય આત્માને જાણે તો પરમેશ્વરપદ પ્રાપ્ત કરે. ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ છે, તેનો વિશ્વાસ, જ્ઞાન ને અનુભવ કરવાથી પરમેશ્વર થાય. અવલોકન કરવું તે ક્રિયા છે. દેહની ક્રિયા જડની છે. પુણ્યની ક્રિયા તે વિકારી ક્રિયા છે. ચિદાનંદમૂર્તિ છું. એવી દૃષ્ટિ થયા પછી શુભભાવ થાય તેને વ્યવહાર કહેવાય છે. ખરેખર તો સ્વભાવને અવલોકવો તે ધાર્મિક ક્રિયા છે.

**તુમ સુંદર સર્વાંગ શત્રુ સમરથ નહિં કોઈ,**
**ભૂષણ વસન ગદાદિ ગ્રહન કાહેકો હોઈ. ૧૯.**

જે વસ્તુ હોય તે આદિ-અંત વિનાની હોય. જે વસ્તુ હોય તેને પોતાનો સ્વભાવ હોય. આત્મામાં જ્ઞાન, આનંદ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંત ગુણો છે એવા પરમેશ્વરપદની રુચિ કરીને પુણ્ય-પાપની રુચિ હઠાવે તો ધર્મ થાય.

જડની ક્રિયા જડના કારણે થાય છે. ધર્મીને પોતાની યોગ્યતાને કારણે શુભરાગના કાળે શુભરાગ આવે છે પણ તે ધર્મ નથી. શુભરાગના અવલંબને ધર્મ થતો નથી, શુભરાગના કાળે સ્વઅવલોકનભાવ ધાર્મિક ક્રિયા છે. આત્મા બહારની ચીજોને લાવી કે છોડી શકતો નથી. રાગના કારણે પરની પર્યાય થાય નહિ તેમ જ રાગથી ધર્મ થાય નહિ. ચિદાનંદ પદનું અવલોકન કરે તેટલો ધર્મ છે.

સાધકને રાગ હોય છે પણ એકલા નિમિત્તનું તથા રાગનું અવલોકન કરવું તે અધર્મ છે. પોતે સ્વભાવને અવલોકે નહિ તો પાંચ ઇન્દ્રિયોના શુભાશુભ વિષયો તરફ રુચિ કરી તેને તાબે થઈને પોતાનું નિધાન લૂટાતાં દરિદ્રી થયો. પાંચ ઇન્દ્રિયો જડ છે પણ તે તરફનું વલણ તે રાગ છે. તેને વશ થઈ નિત્યાનંદ સ્વભાવ ચૂકી જાય છે ને પોતાનું નિધાન લૂંટાવી દે છે. મારી શક્તિમાંથી જ્ઞાન ને આનંદ વ્યક્ત થાય છે, રાગમાંથી જ્ઞાન ને આનંદ આવતાં નથી. આમ સ્વભાવના અવલોકનથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર પ્રગટે છે પણ રાગનું અવલંબન લઈ પોતાનું નિધાન લૂંટાવી દે છે ને ચોરાશીના અવતારમાં રખડે છે, પછી સ્વર્ગનો ભવ હો કે નરકનો હો, રાજાનો હો કે રંકનો હો—તે બધા પુણ્ય-પાપના ફળમાં સંસાર છે.

ગમે તે નિમિત્તો જુદાં જુદાં હોય ને ગમે તે રાગ જુદો જુદો હોય છતાં હું જ્ઞાતા-દ્રષ્ટા છું—એવી દૃષ્ટિ ચૂકે તે પોતાનું નિધાન લૂંટાવે છે. પર તરફનો ભાવ વિકાર છે, તેને ધર્મ માનવો તે આત્મા માટે બેકાર—નકામો છે. પ્રથમ વિશ્વાસ કરવો જોઈએ. સત્યમાંથી સત્ય આવશે.

સંયોગો પલટતા જાય છે ને પુણ્ય-પાપ પણ અનિત્ય છે. સંયોગોને આશ્રયે થતો વિકારીભાવ અનિત્ય છે ને શાશ્વત સ્વભાવના આશ્રયે થતી અવિકારી દશા સ્વભાવ સાથે અભેદ થાય છે. માટે તે પર્યાયને પણ શાશ્વત કહી છે. દયા-દાનાદિ ભાવો વિકાર છે. નિમિત્તો ફરે છે ને વિકારો પણ ફરે છે. ચિદાનંદ સ્વભાવ એકરૂપ છે, તેના આશ્રયે પ્રગટતી પર્યાયને એક ન્યાયે અવિનાશી કહી છે કેમકે તે ધ્રુવ એકાકાર સ્વભાવ સાથે અભેદ થયેલ છે.

**સુરપતિ સેવા કરૈ કહા પ્રભુ પ્રભુતા તેરી,**
**સો સલાધના લહૈ મિટૈ જગસોં જગ કેરી;**

અજ્ઞાની જીવ ભવવિપત્તિ ભરે છે, ભૂલ મટાડતો નથી. પોતે પુણ્ય-પાપને પોતાનાં માને છે, મિથ્યાભાવને લીધે પરને એટલે કે વિકારને મારો માને છે, જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના રહે નહિ. જડ કર્મે વિકાર કરાવ્યો નથી. ભ્રાંતિ, રાગ, દ્વેષ તે જીવના પરિણામ છે. તેને પોતાના માને છે, તેથી વિકારરૂપ ભાસે છે પણ ચિદાનંદ ભાસતો નથી. શુભાશુભભાવ, જપ, તપ, ભક્તિ તે આત્માનો જાતિસ્વભાવ નથી. જો જાતિસ્વભાવ હોય તો આત્મામાંથી છૂટો થાય નહિ. સિદ્ધમાં શુભાશુભભાવો નથી, માટે તે તારો પણ જાતિસ્વભાવ નથી. તેને જાણે તે તારો સ્વભાવ છે.

આ રાગ થયો, આ દયા ભાવ થયો—એને જાણનાર ચેતના છે, તે કેવળ જીવ છે. ચેતના એકલો જીવનો સ્વભાવ છે, પુણ્ય-પાપ જીવનો જાતિસ્વભાવ નથી, માટે ભેદજ્ઞાન કરો.

આત્માનો જાણવાનો સ્વભાવ એક પ્રકારે છે. પુણ્ય-પાપના વિકારો અનેક છે, કેમકે અનેક સંયોગોને અવલંબીને થયેલ છે. આત્માને જાણવું-દેખવું એકરૂપ સ્વભાવને અવલંબીને થયેલ છે. માટે તે એક પ્રકાર છે. તેનો અનુભવ કરલો તે ધર્મ છે.

પ્રશ્ન :—આ ન સમજાય ત્યાં સુધી શું કરવું?

સમાધાન :—ન સમજાય ત્યાં સુધી આ સમજવાની મહેનત કરવી. સ્વભાવ શું, વિભાવ શું, કોના વલણથી લાભ કે નુકસાન થાય તેનો વિચાર કરવો. ઊંધો પ્રયત્ન કરે છે તો હવે સાચો પ્રયત્ન કરવો. શરીર ને વિકાર તરફનું વલણ હતું તે ફેરવી નિત્યાનંદ સ્વભાવનું વલણ કરવું તે તારા હાથમાં છે. તારી અવસ્થાનો ધરનાર તું છો. સર્વજ્ઞદેવ કે ગુરુ તારા પરિણામને ફેરવનાર નથી.

લક્ષણ-પ્રસિદ્ધિએ લક્ષ્ય-પ્રસિદ્ધિ છે. ચેતના લક્ષણ છે.-તેનાથી આત્મદ્રવ્ય પ્રસિદ્ધ છે, કેમકે ચેતના સાક્ષાત્ જીવ છે. રાગદ્વેષ પર્યાયમાં થાય છે, તે અશુદ્ધનયથી જીવના છે, પણ શુદ્ધનયથી જીવના નથી. શુદ્ધનયથી જાણવા-દેખવાના પરિણામ જીવના છે, તેથી જીવ શુદ્ધ ચેતનારૂપ થયો.

રાગાદિભાવોમાં જીવ પોતે પ્રવર્તે છે તે કર્મચેતનારૂપ થઈ પ્રવર્તે છે, તેમાં કર્મના ઉદયને લીધે પ્રવર્તવું પડે છે—એમ નથી. પોતે પોતાની પર્યાયમાં રાગદ્વેષરૂપે પરિણમે છે. રાગદ્વેષ પરમાં નથી. તેમ જ પરને લીધે નથી. (ક્રમશઃ)

**તુમ ભવજલધિ જિહાજ તોહિ શિવકંત ઉચરિયે,**
**તુહીં જગત–જનપાલ નાથથુતિકી થુતિ કરીયે. ૨૦.**



## ત્રણલોકમાં પ્રશંસાપાત્ર

શુદ્ધ આત્માના ચિંતનમાં જે મુમુક્ષુજનો તત્પર રહે છે તે ત્રણલોકમાં પ્રશંસાપાત્ર છે. આત્મચિંતનમાં તલ્લીન મનુષ્ય કદાપિ કાળો હોય, કર્ણહીન હોય, કદ્રુપો હોય અથવા નકટો, ખુંધો, કર્કશવાણીવાળો, ઠીંગણો, પાંગળો, ઠુંઠો, નેત્રહીન, મૂંગો, લંગડો, નિર્ધન, અભણ બહેરો કે કોઢ વગેરે રોગયુક્ત હોય તોપણ નિર્મળ જ્ઞાનવાળા જ્ઞાનીજનો તેના શરીર તરફ ન જોતાં તેના અદ્‌ભુત અનુપમ આત્મચિંતનરૂપ પુરુષાર્થ તરફ દૃષ્ટિ દેતાં તેને જ પ્રશંસાપાત્ર ગણે છે. બીજો મનુષ્ય સર્વાંગે સુંદર રૂપવાળો, મધુર વાણીવાળો, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસી ધનવાન કે નિરોગી હોય છતાં તે જો ચિદ્રૂપચિંતનથી રહિત છે તો તેને કોઈ જ્ઞાની કદી પ્રશંસાપાત્ર ગણતા નથી.

## પૂજ્ય ગુરુદેવશ્રીએ કરેલ વિવિધ તીર્થક્ષેત્રોની યાત્રાઓ

| ક્રમ | યાત્રાધામ | યાત્રા તારીખ | ભગવાન/મુનિરાજ નિર્વાણભૂમિ/જન્મભૂમિ |
|---|---|---|---|
| ૧ | શ્રી શત્રુંજય | ૧૮-૧-૧૯૩૯ | શ્રી યુધિષ્ઠિર, ભીમ, અર્જુન તથા ૮ કરોડ મુનિઓની નિર્વાણભૂમિ |
| ૨ | શ્રી ગિરનારજી | ૧૧-૩-૧૯૪૦ | શ્રી નેમિનાથ ભગવાન, શ્રી શમ્બુકુમાર, અનિરુદ્ધકુમાર પ્રદ્યુમ્નકુમાર આદિ ૭૨ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩ | શ્રી શત્રુંજય | ૧૯-૬-૧૯૫૦ | શ્રી યુધિષ્ઠિર, ભીમ, અર્જુન તથા ૮ કરોડ મુનિઓની નિર્વાણભૂમિ |
| ૪ | શ્રી ગિરનારજી | ૧૩/૧૪-૨-૧૯૫૪ | શ્રી નેમિનાથ ભગવાન, શ્રી શમ્બુકુમાર, અનિરુદ્ધકુમાર પ્રદ્યુમ્નકુમાર આદિ ૭૨ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૫ | શ્રી ગજપંથા | ૧૭-૦૧-૧૯૫૭ | સાત બલભદ્ર તથા આઠ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૬ | શ્રી માંગિતુંગી | ૧૮-૧-૧૯૫૭ | શ્રી રામચંદ્રજી, સુગ્રીવ આદિ ૯૯ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૭ | શ્રી બડવાનીજી | ૨૧-૧-૧૯૫૭ | ઈન્દ્રજિત, કુંભકર્ણ તથા સાડાત્રણ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૮ | શ્રી ઉન-પાવાગિરી | ૨૩-૧-૧૯૫૭ | સુવર્ણભદ્ર આદિ ચાર મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૯ | શ્રી સિદ્ધવરકૂટ | ૨૬-૧-૧૯૫૭ | બે ચક્રવર્તી (સનતકુમાર અને મઘવા) તથા દસ કામદેવ અને સાડા ત્રણ કરોડ મુનિઓની નિર્વાણભૂમિ |
| ૧૦ | શ્રી સોનાગિરિ | ૭-૨-૧૯૫૭ | શ્રી નંગ-અનંગ આદિ સાડા પાંચ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૧૧ | શ્રી શૌરીપુર | ૧૩-૨-૧૯૫૭ | શ્રી નેમિનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૧૨ | શ્રી રત્નપુરી | ૨૦-૨-૧૯૫૭ | શ્રી ધર્મનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૧૩ | શ્રી અયોધ્યા | ૨૦-૨-૧૯૫૭<br>૨૧-૨-૧૯૫૭ | શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી અભિનંદનસ્વામી શ્રી સુમતિનાથ અને શ્રી અનંતનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૧૪ | શ્રી ચંદ્રપુરી | ૨૨-૨-૧૯૫૭ | શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની જન્મભૂમિ |
| ૧૫ | શ્રી સિંહપુરી | ૨૨-૨-૧૯૫૭ | શ્રી શ્રેયાંસનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૧૬ | શ્રી વારાણસી(કાશી) | ૨૨-૨-૧૯૫૭ | શ્રી સુપાર્શ્વનાથ, શ્રી પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૧૭ | શ્રી રાજગૃહી | ૨૮-૨-૧૯૫૭ | શ્રી મુનિસુવ્રતનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૧૮ | શ્રી પટના | ૨૯-૨-૧૯૫૭ | શ્રી સુદર્શન મુનિરાજની નિર્વાણભૂમિ |
| ૧૯ | શ્રી પાવાપુરી | ૩-૩-૧૯૫૭ | શ્રી મહાવીર ભગવાનની નિર્વાણભૂમિ |
| ૨૦ | શ્રી ગુણાવા | ૪-૩-૧૯૫૭ | શ્રી ગૌતમસ્વામીની નિર્વાણભૂમિ |
| ૨૧ | શ્રી સમ્મેદશિખરજી | ૮-૩-૧૯૫૭ | વીસ તીર્થંકર તથા અસંખ્ય મુનિઓની નિર્વાણભૂમિ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | શ્રી ચંપાપુરી મંદારગિરિ | ૧૨-૩-૧૯૫૭ | શ્રી વાસુપૂજ્ય ભગવાનના પાંચે કલ્યાણકભૂમિ |
| ૨૩ | શ્રી ખંડગિરિ ઉદયગિરિ | ૨૯-૩-૧૯૫૭ | દશરથરાજાના પુત્રો આદિ પાંચસો મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૨૪ | શ્રી હસ્તિનાપુર | ૩-૪-૧૯૫૭ | શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ ભગવાનની જન્મભૂમિ |
| ૨૫. | શ્રી તારંગાજી | ૨૯-૪-૧૯૫૭ | શ્રી વરદત્ત, શ્રી સાગરદત્ત આદિ સાડા ત્રણ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૨૫ | શ્રી બડવાનીજી | ૬-૧-૧૯૫૯ | ઈન્દ્રજિત, કુંભકર્ણ તથા સાડા ત્રણ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૨૭ | શ્રી પાવાગઢ | ૧૮-૧-૧૯૫૯ | શ્રી લવકુશ તથા પાંચ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૨૮ | શ્રી સોનાગિર | ૧૪-૨-૧૯૫૯<br>૧૫-૨-૧૯૫૯ | શ્રી નંગ-અનંગ આદિ સાડા પાંચ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ તથા ચંદ્રપ્રભુનું સમવસરણ આવેલ |
| ૨૯ | શ્રી કુંદાદ્રી | ૨૬-૨-૧૯૫૯ | શ્રી કુંદકુંદાચાર્યની સમાધિભૂમિ |
| ૩૦ | શ્રી શ્રવણબેલગોલા | ૩-૩-૧૯૫૯<br>૪-૩-૧૯૫૯ | શ્રી ભદ્રબાહુસ્વામી તપોભૂમિ, શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત-ચક્રવર્તી દ્વારા શ્રી ગોમ્મટસારની રચના તથા ઈન્દ્રગિરિ પર ૫૭ ફૂટના શ્રી બાહુબલી પ્રતિમા |
| ૩૧ | શ્રી પોન્નુર | ૧૪-૩-૧૯૫૯ | શ્રી કુંદકુંદાચાર્યની તપોભૂમિ |
| ૩૨ | શ્રી કુંથલગિરિ | ૨૪-૩-૧૯૫૯<br>૨૫-૩-૧૯૫૯ | શ્રી દેશભૂષણ-કુલભૂષણ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩૩ | શ્રી મુક્તાગિરિ | ૩/૪-૪-૧૯૫૯ | સાડા ત્રણ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩૪ | શ્રી કુંડલગિરિ | ૧૫-૪-૧૯૫૯ | કેવળી શ્રી શ્રીધરસ્વામીની નિર્વાણભૂમિ |
| ૩૫ | શ્રી નૈનાગિરિ રેશંદીગિરિ | ૧૯-૪-૧૯૫૯ | શ્રી વરદત્તાદિ પાંચ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩૬ | શ્રી દ્રોણગિરિ | ૨૦-૪-૧૯૫૯ | શ્રી ગુરુદત્ત આદિ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩૭ | શ્રી ગિરનારજી | ૨૭-૧-૧૯૬૧ | શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી શંબુકુમાર, અનિરુદ્ધ-કુમાર, પ્રદ્યુમ્નકુમાર આદિ ૭૨ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩૮ | શ્રી બડવાનીજી | ૮-૬-૧૯૬૩ | ઈન્દ્રજિત, કુંભકર્ણ તથા સાડા ત્રણ કરોડ મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૩૯ | શ્રી ઉન પાવાગિરી | ૯-૬-૧૯૬૩ | સુવર્ણભદ્ર આદિ ચાર મુનિવરોની નિર્વાણભૂમિ |
| ૪૦ | શ્રી કુંદાદ્રી | ૧૭-૧-૧૯૬૪ | શ્રી કુંદકુંદાચાર્યની સમાધિભૂમિ |
| ૪૧ | શ્રી શ્રવણબેલગોલા | ૨૧-૧-૧૯૬૪ | શ્રી ભદ્રબાહુસ્વામી તપોભૂમિ, શ્રી નેમિચંદ્ર સિદ્ધાંત- |

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—ધ્રુવદ્રવ્યથી પ્રમાણ મોટું છે કે નાનું?**

ઉત્તર :—પ્રમાણમાં વ્યવહારનો નિષેધ આવતો નથી માટે તે પૂજ્ય નથી. ધ્રુવ છે તે આશ્રયયોગ્ય છે તેથી તે પૂજ્ય છે, તેથી મોટું છે. એકલો ત્રિકાળી ભગવાન દૃષ્ટિમાં આવે છે તેથી તે પૂજ્ય છે ને મોટું છે.

**પ્રશ્ન :—સ્વ-પરપ્રકાશક જ્ઞાનને પ્રમાણ કહ્યું છે, તે કઈ રીતે? છદ્મસ્થને તો કાંઈ સ્વ-પરનો એક સાથે ઉપયોગ હોતો નથી?**

ઉત્તર :—પ્રમાણને સ્વ-પરપ્રકાશક કહ્યું ત્યાં કાંઈ સ્વ અને પર બંનેમાં એક સાથે ઉપયોગ હોવાની વાત નથી, પણ જે જ્ઞાને સ્વને સ્વપણે ને પરને પરપણે જાણ્યું છે તે સમ્યગ્જ્ઞાન પ્રમાણ છે—એમ તેનું સ્વ-પરપ્રકાશકપણું સમજવું—અવધિ-મનઃપર્યયનો ઉપયોગ તો પરમાં જ હોય છે, છતાં તે પણ સ્વને સ્વપણે ને પરને પરપણે જાણે છે, તેથી પ્રમાણ છે. છદ્મસ્થને ઉપયોગ તો સ્વમાં હોય ત્યારે પરમાં ન હોય ને પરમાં હોય ત્યારે સ્વમાં ન હોય, છતાં પ્રમાણરૂપ સમ્યગ્જ્ઞાન તો જ્ઞાનીને સદૈવ વર્તે છે પરને જાણતી વખતેય ''હું જ્ઞાન છું'' એવું આત્મભાન ખસતું નથી, એ જ જ્ઞાનની પ્રમાણતા છે.

**પ્રશ્ન :—નયોને ઇન્દ્રજાળ કેમ કહી છે?**

ઉત્તર :—નયોમાં અનેક પ્રકારની અપેક્ષા પડે છે, તે દ્વારા વસ્તુમાં રહેલા કથંચિત્ પરસ્પર વિરુદ્ધ ધર્મો બતાવે છે. સ્યાદ્વાદથી તેનું સાચું સ્વરૂપ ન સમજે તો તેને ઈન્દ્રજાળ જેવી ગૂંચવણી લાગે છે. જેમ કે એક નય દ્રવ્યને નિત્ય કહે છે ત્યારે બીજી નય દ્રવ્યને અનિત્ય કહે છે; એક નય દ્રવ્યને એકરૂપ કહે છે, બીજી નય દ્રવ્યને અનેકરૂપ કહે છે; એક નય દ્રવ્યને સત્રૂપ કહે છે, બીજી નય દ્રવ્યને અસત્રૂપ કહે છે; એક નય ક્રિયાથી મુક્તિ કહે છે ત્યારે બીજી નય જ્ઞાનથી મુક્તિ કહે છે; એક નય કર્મ-નોકર્મને વ્યવહાર કહી રાગને નિશ્ચય કહે છે, વળી તે જ રાગને એક નય વ્યવહાર કહીને નિર્મળ પર્યાયને નિશ્ચય કહે છે. વળી નિર્મળ પર્યાયને વ્યવહાર કહીને ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને નિશ્ચય કહે છે. આ રીતે નયો વસ્તુના અનેક ધર્મોને બતાવે છે, પણ જે યથાર્થ ન સમજે

**વચન જાલ જડરૂપ આપ ચિન્મૂરતિ ઝાંઈ,**
**તાતૈં ચુતિ આલાપ નાહિં પહુંચૈ તુમ તાંઈ;**

તેને ઈન્દ્રજાળ જેવી ગૂંચવણી લાગે છે. ખરેખર તો નયો વસ્તુના સ્વરૂપનું અનેકાંતપણું બતાવીને સમ્યક્ એકાંત એવા ત્રિકાળી ધ્રુવ સામાન્ય દ્રવ્યનો આશ્રય કરાવે છે. તે આ નયોને જાણવાનું પ્રયોજન છે.

**પ્રશ્ન :—આટલા બધા નયોથી આત્માને જાણવાનું શું કામ છે? ફક્ત 'આત્મા છે' એમ જાણી લઈએ તો ન ચાલે?**

ઉત્તર :—ભાઈ ! આત્મા છે એમ ઓઘિકપણે તો બધા કહે છે પણ આત્મામાં જેવા અનંત ધર્મો છે તેવા ધર્મોથી તેને ઓળખે તો જ આત્માને જાણ્યો કહેવાય. 'આત્મા છે' એમ કહે પણ તેના અનંત ધર્મો જે રીતે છે તે રીતે ન જાણે તો તેણે આત્માને જાણ્યો ન કહેવાય.

**પ્રશ્ન :—આત્મદ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે. અહીં વિકલ્પનો અર્થ શું સમજવો જોઈએ?**

ઉત્તર :—અહીં વિકલ્પનો અર્થ ભેદ છે. જેમ એક પુરુષમાં બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદ પડે છે તેમ ભેદનયથી આત્મા ગુણ-પર્યાયના ભેદવાળો છે. વસ્તુમાં અનંત ગુણો છે તેમને પરસ્પર કથંચિત્ ભેદ છે અને તેની ક્રમે ક્રમે થતી પર્યાયોમાં પણ પરસ્પર ભેદ છે. વસ્તુમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ઈત્યાદિ જે ભેદ છે તેને વિકલ્પ કહેવાય છે. વિકલ્પ એટલે રાગ નહિ પણ વિકલ્પ એટલે ભેદ. એક આત્મા જ એક સમયમાં ભેદવાળો છે. વિકલ્પનયથી જોતાં આત્મા અનંત ગુણ-પર્યાયોના ભેદપણે ભાસે છે. એવો તેનો ધર્મ છે.

**પ્રશ્ન :—જે પ્રમાણે અસ્તિત્વધર્મ વસ્તુનો પોતાનો છે, તે પ્રમાણે શું નાસ્તિત્વ ધર્મ પણ વસ્તુનો પોતાનો જ છે?**

ઉત્તર :—જે આત્મદ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે તે જ આત્મદ્રવ્ય પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણે નથી એટલે નાસ્તિત્વવાળું છે. પરથી ન હોવાપણું તે પણ વસ્તુનો જ એક અંશ છે. વસ્તુમાં જ્યાં ભાવ-અંશ છે ત્યાં જ આવો અભાવ-અંશ છે, જ્યાં સ્વથી અસ્તિત્વરૂપ ધર્મ છે, ત્યાં જ પરથી નાસ્તિત્વરૂપ ધર્મ પણ ભેગો જ છે, એક જ અંશીના બે અંશો છે. નાસ્તિત્વધર્મ પણ પોતાનો જ અંશ છે. નાસ્તિત્વધર્મ પોતે કાંઈ વસ્તુમાં અભાવરૂપ નથી, પણ સત્ છે. તે ધર્મમાં 'પરપણે નથી' એવી પરની અપેક્ષા ભલે આવે પણ તે નાસ્તિત્વધર્મ કાંઈ પરના આધારે કે પરનો નથી, તે ધર્મ તો વસ્તુનો પોતાનો જ છે.　　　　(ક્રમશઃ) ❋

**તો ભી નિર્ફલ નાહિં ભક્તિરસભીને વાચક,**
**સંતનકો સુરતરુ સમાન વાંછિત વરદાયક. ૨૧.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—દૃષ્ટિ અને જ્ઞાનની સંધિ સમજાવવા કૃપા કરશો. અમે તો એક નક્કી કરવા જઈએ ત્યાં બીજું છૂટી જાય છે.

**સમાધાન** :—દૃષ્ટિને મુખ્ય રાખી જ્ઞાયકને ગ્રહણ કરવો. તેની સાથે સાથે જ્ઞાન પણ બધાનું થાય છે. તેમાં એક નક્કી કરે અને એક છૂટી જાય તેવું હોતું નથી. સાધનામાં દૃષ્ટિ અને જ્ઞાન સાથે હોય છે. દૃષ્ટિ લક્ષમાં રાખીએ તો જ્ઞાન છૂટી જાય અને જ્ઞાન લક્ષમાં રાખીએ તો દૃષ્ટિ છૂટી જાય તેમ બનતું નથી. પણ જો એકાંત ગ્રહણ કરે તો સાધના છૂટી જાય છે, નહીંતર તે છૂટી જાય તેમ ન બને. જે જ્ઞાયકને ગ્રહણ કરે તેને જ્ઞાનમાં એમ હોય છે કે આ પર્યાય છે. સાધનામાં પર્યાયનું જ્ઞાન હોય છે. સાધનામાં બધી નિર્મળ પર્યાયો પુરુષાર્થપૂર્વક આવે છે, છૂટી જતી નથી, આમ તેની સંધિ છે. એક જ્ઞાયકને ગ્રહણ કર્યો અને દૃષ્ટિ ત્યાં સ્થાપી દીધી તો બધું છૂટી જાય તેમ હોતું નથી. દૃષ્ટિ અને જ્ઞાનની સંધિ થઈ શકે છે, એકને મુખ્ય રાખે અને બીજું ગૌણ રાખે તો સંધિ થઈ શકે છે. જ્ઞાયકને મુખ્યપણે ગ્રહણ કરે અને પર્યાયનું લક્ષ રાખીને (જ્ઞાન કરીને) પુરુષાર્થ કરે તો સંધિ થાય છે. હું તો અનાદિ-અનંત શુદ્ધ છું. અંદર શુદ્ધતામાં કાંઈ અશુદ્ધતા પેઠી નથી, તો પણ પર્યાયમાં અશુદ્ધતા છે. તેથી અંદરમાં સ્વરૂપ તરફની પરિણતિ પ્રગટ કરવાથી અશુદ્ધતા ટળે છે. એકને ગ્રહણ કરે તો એક છૂટે તેવું નથી કેમકે એક દ્રવ્ય છે અને એક પર્યાય છે. જો બે દ્રવ્ય હોય તો એકને ગ્રહણ કરતાં બીજું છૂટી જાય. પણ આ તો એકને ગૌણ કરવાનું છે અને એકને મુખ્ય કરવાનું છે. ઉપયોગમાં કોઈવાર પર્યાયના વિચારો આવે, તો પર્યાય જ્ઞાનમાં મુખ્ય થાય, પણ દૃષ્ટિમાં તો એક દ્રવ્ય જ મુખ્ય છે અને પર્યાય ગૌણ છે.

*પ્રશ્ન* :—પ્રતિજ્ઞા લઈને અહીં કેટલાં વર્ષો વીતી ગયાં, છતાં અંદરમાં કાર્ય થયું નથી? તો આગળ કેમ વધવું?

**સમાધાન** :—આત્માના હેતુએ પ્રતિજ્ઞા લીધી છે તે સારી વાત છે. તેમાં હવે આગળ વધવાનું છે. જે જિજ્ઞાસુ હોય તેની ભાવના કાંઈ નિષ્ફળ થોડી જવાની છે? ફળવાની છે. પોતાના આત્માના ધ્યેયે પ્રતિજ્ઞા લીધી છે તેમાં સમ્યગ્દર્શનનો પુરુષાર્થ થાય તે સારી વાત છે—નહિ તો ઊંડાં સંસ્કાર પડે તે પણ લાભનું કારણ છે. શાસ્ત્રમાં આવે છે કે કરી શકે તો

કોપ કભી નહિં કરો પ્રીતિ કબહૂ નહિં ધારો,
અતિ ઉદાસ બેચાહ ચિત્ત જિનરાજ તિહારો;

ધ્યાનમય પ્રતિક્રમણ કરજે અને ન બની શકે તો કર્તવ્ય છે કે શ્રદ્ધા કરજે, શ્રદ્ધામાં ફેરફાર કરીશ નહિ. શ્રદ્ધાનું બળ બરાબર રાખે તો આગળ જવાશે. જ્ઞાયકના માર્ગ સિવાય બીજો કોઈ માર્ગ નથી. ક્રિયાકાંડનો કોઈ માર્ગ નથી, માર્ગ અંતરનો છે. જ્ઞાયકની શ્રદ્ધા કરવી, ભેદજ્ઞાન કરવું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એટલે કે શરીર અને વિકલ્પથી પોતાનો સ્વભાવ જુદો છે, એમ જ્ઞાયકને તારવી લેવો. તે એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. બધા વિભાવથી પોતે જુદો છે, વિભાવ પોતાનો સ્વભાવ જ નથી એમ ભેદજ્ઞાનની નિરંતર ધારા કરવા જેવી છે. દેવ-ગુરુએ જે બતાવ્યું છે તે કરવાનું છે. દેવ-ગુરુની શ્રદ્ધા અને આત્માની શ્રદ્ધા કરજે.

દેવ-ગુરુનું સાન્નિધ્ય મળ્યું તે મહાભાગ્યની વાત છે. તેમની મહિમા કરવી ને જ્ઞાયકની મહિમા કરવી. જ્ઞાયક મહિમાવંત છે, તેના ઊંડા સંસ્કાર નાખજે. પરિણતિ પ્રગટ થાય તો સારી વાત છે, નહિ તો શ્રદ્ધા કર્તવ્ય છે. ગુરુદેવના પ્રતાપે આત્માનું કલ્યાણ કરવા (અહીં) બધા ભેગા થઈ ગયા છે. આ ભવમાં બધી તૈયારી કરી લેવી અને પુરુષાર્થ કરવો. ગુરુદેવની દેશનાલબ્ધિ મળી છે તો એવાં ઊંડાં બીજડાં નાખવાં કે તરત ફાલી જાય.

***પ્રશ્ન* :—જ્ઞાતાધારા દ્રવ્યના આશ્રયે પ્રગટ થાય, તો તે 'આશ્રય'નો ભાવ શું છે તે કૃપા કરી સમજાવશો.**

**સમાધાન** :—આશ્રય એટલે પોતાના ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આ ચૈતન્ય હું છું, આ વિભાવાદિ હું નથી, એમ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરીને તેમાં સ્થિર ઊભા રહેવું. વિભાવથી દૃષ્ટિ ઉઠાવી ચૈતન્યમય જ્ઞાયકનું જે અસ્તિત્વ છે તે જ હું છું એમ પોતાના જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે. આ વિભાવની સાથે જે જ્ઞાન છે તે વિભાવમિશ્રિત જ્ઞાન હું નહિ, પણ એકલું જે જ્ઞાન છે તેને જ્ઞાનલક્ષણ દ્વારા ગ્રહણ કરે. જ્ઞાનથી ભરેલું ચૈતન્ય દ્રવ્ય તે જ હું છું એમ પોતાના અસ્તિત્વને ગ્રહણ કરી, તેમાં દૃષ્ટિને સ્થાપે અને તેમાં લીનતા કરે. આ રીતે તેનું આલંબન દ્રવ્ય જ છે, બીજું કોઈ નથી. ભગવાને અને ગુરુદેવે બતાવ્યું છે કે જે કોઈ મોક્ષે ગયા છે તે બધા આ એક જ ઉપાયે ગયા છે, બીજો કોઈ ઉપાય નથી. વિભાવની પરિણતિ બહારમાં જાય તો વારંવાર ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરે, કે જ્ઞાયક તે હું.

જ્ઞાનગુણ એવો અસાધારણ છે કે તે લક્ષમાં—ખ્યાલ આવે છે. બીજા કેટલાક ગુણો પણ અસાધારણ છે, પરંતુ તે ખ્યાલમાં આવતા નથી. તેથી જ્ઞાન લક્ષણ મુખ્ય છે. બીજા પદાર્થમાં જાણવાનું લક્ષણ નથી, જાણવાનું લક્ષણ એક આત્મામાં છે. તેથી જાણવાના લક્ષણ ઉપરથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે કે આ જાણવાનું જે લક્ષણ છે તે લક્ષણવાળો હું ચૈતન્ય છું. તે જ્ઞાનની સાથે જીવમાં અનંતગુણ પણ છે તેથી જ્ઞાનગુણથી આખો આત્મા ગ્રહણ કરે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**તદપિ આન જગ બહૈ બૈર તુમ નિકટ ન લહિયે,**
**યહ પ્રભુતા જગ તિલક કહાં તુમ વિન સરદહિયે. ૨૨.**

## બાળ વિભાગ

# અમૂઢદષ્ટિ–અંગમાં પ્રસિદ્ધ રેવતીરાણીની કથા

આ ભરતક્ષેત્રની વચ્ચે વિજયાર્દ્ધ–પર્વત આવેલો છે, તેના પર વિદ્યાધર મનુષ્યો રહે છે. તે વિદ્યાધરોના રાજા ચંદ્રપ્રભનું ચિત્ત સંસારથી વિરક્ત હતું. રાજ્યકારભાર પોતાના પુત્રને સોંપીને તે તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા. તેઓ કેટલોક વખત દક્ષિણ મથુરામાં રહ્યા. દક્ષિણદેશના પ્રસિદ્ધ તીર્થો અને રત્નોનાં જિનબિંબથી શોભતા જિનાલયો દેખીને તેમને આનંદ થયો. મથુરામાં તે વખતે શ્રી ગુપ્તાચાર્ય નામના મહાન મુનિરાજ બિરાજતા હતા. તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક હતા અને મોક્ષમાર્ગનો ઉત્તમ ઉપદેશ દેતા હતા. ચંદ્રપ્રભરાજાએ કેટલાક દિવસ સુધી મુનિરાજનો ઉપદેશ સાંભળ્યો અને ભક્તિપૂર્વક તેમની સેવા કરી.

ત્યાર પછી તેમણે ઉત્તર મથુરાનગરીની યાત્રાએ જવાનો વિચાર કર્યો કે જ્યાંથી જંબૂસ્વામી મોક્ષ પામ્યા છે અને જ્યાં અનેક મુનિરાજ બિરાજતા હતા, તેમાં ભવ્યસેન નામના એક મુનિ પણ પ્રસિદ્ધ હતા. તે વખતે મથુરામાં વરુણરાજા હતા અને તેમની રાણીનું નામ રેવતીદેવી હતું.

ચંદ્રરાજાએ મથુરા જવાની પોતાની ઈચ્છા શ્રી ગુપ્તાચાર્ય પાસે રજુ કરી અને આજ્ઞા માંગી તથા ત્યાંના સંઘ માટે કાંઈ સંદેશ લઈ જવાનું પૂછ્યું.

ત્યારે, શ્રી આચાર્યદેવે સમ્યક્ત્વની દઢતાનો ઉપદેશ આપતાં કહ્યું કે આત્માનું સાચું સ્વરૂપ સમજનાર સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કોઈને દેવ માનતા નથી. જે દેવ ન હોય તેને દેવ માનવા તે દેવમૂઢતા છે, એવી મૂઢતા ધર્મીને હોતી નથી. મિથ્યામતના દેવાદિક બહારથી ગમે તેવા સુંદર દેખાતા હોય, બ્રહ્મા–વિષ્ણુ કે શંકર જેવા હોય–તોપણ ધર્મીજીવ તેના પ્રત્યે આકર્ષાતા નથી.

મથુરાની રાજરાણી રેવતીદેવી આવા સમ્યક્ત્વની ધારક છે, જૈનધર્મની શ્રદ્ધામાં તે ઘણી જ દઢ છે. તેને ધર્મવૃદ્ધિના આશીષ કહેજો તથા ત્યાં બિરાજમાન શ્રી સુરત મુનિ કે જેમનું ચિત્ત રત્નત્રયમાં રત છે, તેમને વાત્સલ્યપૂર્વક નમસ્કાર કહેજો.

આ પ્રમાણે, આચાર્યદેવે શ્રી સુરત મુનિરાજને તથા રેવતીરાણીને માટે સન્દેશ કહ્યો

**સુરતિય ગાવૈં સુયશ સર્વગતિ જ્ઞાનસ્વરૂપી,**
**જો તુમકો થિર હોહિં નમૈં ભવિઆનંદરૂપી;**

પણ શ્રી ભવ્યસેન મુનિને તો યાદ પણ ન કર્યા. આથી રાજાને આશ્ચર્ય થયું ને ફરીને પણ આચાર્ય મહારાજને પૂછ્યું કે બીજા કોઈને કાંઈ કહેવાનું છે ? પણ આચાર્યદેવે એથી વિશેષ કાંઈ ન કહ્યું.

આથી, તે ચંદ્રરાજાને એમ થયું કે શું આચાર્યદેવ શ્રી ભવ્યસેનમુનિને ભુલી ગયા હશે ?—ના, ના; તેઓ ભૂલે તો નહીં; તેઓ વિશિષ્ટ જ્ઞાનના ધારક છે; તેથી તેમની આ આજ્ઞામાં જરૂર કાંઈક રહસ્ય હશે. ઠીક, જે હશે તે ત્યાં પ્રત્યક્ષ દેખાશે. એમ સમાધાન કરી, આચાર્યદેવના ચરણોમાં નમસ્કાર કરીને તે મથુરા તરફ વિદાય થયા.

મથુરામાં આવીને સૌ પ્રથમ તેણે શ્રી સુરતમુનિરાજનાં દર્શન કર્યા. તેઓ ઘણા જ ઉપશાંત અને શુદ્ધરત્નત્રયોનું પાલન કરનારા હતા. ચંદ્રરાજાએ તેમને શ્રી ગુપ્તાચાર્યનો સન્દેશ કહ્યો અને તેમની વતી નમસ્કાર કર્યા.

ચંદ્રપ્રભની વાત સાંભળીને શ્રી સુરતમુનિરાજે પ્રસન્નતા વ્યક્ત કરી અને પોતે પણ વિનયપૂર્વક હાથ જોડીને શ્રી ગુપ્તાચાર્ય પ્રત્યે પરોક્ષ નમસ્કાર કર્યા. મુનિવરોનું એકબીજા પ્રત્યે આવું વાત્સલ્ય દેખીને રાજા ઘણો પ્રસન્ન થયો. શ્રી સુરત-મુનિરાજે કહ્યું : 'હે વત્સ ! વાત્સલ્ય વડે ધર્મ શોભે છે. ધન્ય છે એ રત્નત્રયના ધારક આચાર્યદેવને કે જેમણે આટલે દૂરથી પણ સાધર્મી તરીકે મને યાદ કર્યો. શાસ્ત્રમાં ખરું કહ્યું છે કે—

ये कुवन्ति सुवात्सल्यं भव्या धर्मानुरागतः ।
साधर्मिकेषु तेषां हि सफलं जन्म भूतले ।।

અહો, ભવ્યજીવ તે ધન્ય છે જે ધર્મના વાત્સલ્યથી,
સાધર્મીનું વાત્સલ્ય કરતા, જન્મ તેનો સફળ છે.

અહો ! ધર્મના પ્રેમવડે જે ભવ્યજીવો સાધર્મીજનો પ્રત્યે ઉત્તમ વાત્સલ્ય કરે છે તેમનો જન્મ જગતમાં સફળ છે.

પ્રસન્નચિત્તથી ભાવપૂર્વક ફરીફરીને એ મુનિરાજને નમસ્કાર કરીને રાજા વિદાય થયો અને શ્રી ભવ્યસેન મુનિરાજ પાસે આવ્યો. તેમને ઘણું શાસ્ત્રજ્ઞાન હતું ને લોકોમાં તેઓ ખૂબ પ્રસિદ્ધ હતા. રાજા તેમની સાથે કેટલોક વખત રહ્યો પણ તે મુનિરાજે ન તો આચાર્યસંઘના કાંઈ કુશલ-સમાચાર પૂછ્યા કે ન કોઈ ઉત્તમ ધર્મચર્ચા કરી. મુનિને યોગ્ય વ્યવહાર-આચાર પણ તેમના સરખા ન હતા. શાસ્ત્રો ભણવા છતાં શાસ્ત્રાનુસાર તેમનું આચરણ ન હતું. મુનિને ન કરવાયોગ્ય પ્રવૃત્તિ તેઓ કરતા હતા. આ બધું નજરે દેખીને

**તાહિ છેમપુર ચલનવાટ બાકી નહિ હો હૈં,**
**શ્રુતકે સુમરનમાંહિ સો ન કબહૂ નર મોહૈં. ૨૩.**

રાજાને ખ્યાલ આવી ગયો કે તે શ્રી ભવ્યસેનમુનિ ગમે તેટલા પ્રસિદ્ધ હોય પણ તે સાચા મુનિ નથી તો પછી શ્રી ગુપ્તઆચાર્ય તેમને કેમ યાદ કરે? ખરેખર, એ વિચક્ષણ આચાર્યભગવાને યોગ્ય જ કર્યું છે.


આ રીતે, શ્રી સુરતમુનિરાજ અને શ્રી ભવ્યસેનમુનિને તો નજરે દેખીને પરીક્ષા કરી. હવે, રેવતીરાણીને આચાર્યમહારાજે ધર્મવૃદ્ધિના આશીષ કહ્યા છે, તેથી તેની પણ પરીક્ષા કરું—એમ રાજાને વિચાર થયો.

*

બીજે દિવસે મથુરાનગરીના ઉદ્યાનમાં એકાએક સાક્ષાત્ બ્રહ્મા પધાર્યા. નગરજનોનાં ટોળેટોળાં એનાં દર્શન માટે ઉમટ્યા ને ગામ આખામાં ચર્ચા ચાલી કે અહા! સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજી સાક્ષાત્ પધાર્યા છે. તેઓ કહે છે કે હું આ સૃષ્ટિનો સર્જનહાર છું ને દર્શન દેવા આવ્યો છું.

મૂઢ લોકોનું તો શું કહેવું? મોટા ભાગના લોકો એ બ્રહ્માજીના દર્શન કરી આવ્યા. પેલા પ્રસિદ્ધ ભવ્યસેન મુનિ પણ કુતૂહલવશ ત્યાં જઈ આવ્યા. ન ગયા એક શ્રી સુરતમુનિ અને ન ગઈ રેવતીરાણી.

જ્યારે રાજાએ સાક્ષાત્ બ્રહ્માની વાત કરી ત્યારે મહારાણી રેવતીએ નિઃશંકપણે કહ્યું—'મહારાજ! એ બ્રહ્મા હોઈ શકે નહીં; કોઈક માયાચારીએ ઈન્દ્રજાળ ઊભી કરી છે, કેમકે કોઈ બ્રહ્મા આ સૃષ્ટિના સર્જનહાર છે જ નહિ. બ્રહ્મા તો આપણો જ્ઞાનસ્વરૂપ આત્મા છે અથવા ભરતક્ષેત્રમાં ભગવાન ઋષભદેવે મોક્ષમાર્ગની રચના કરી તેથી તેઓને બ્રહ્મા કહેવાય છે. એ સિવાય તો બીજો કોઈ બ્રહ્મા નથી કે જેને હું વંદન કરું.'




બીજો દિવસ થયો અને મથુરાનગરીના બીજા દરવાજે નાગશૈયાસહિત સાક્ષાત્ વિષ્ણુભગવાન પધાર્યા જેને અનેક શણગાર

અતુલ ચતુષ્ટયરૂપ તુમૈં જો ચિત્તમૈં ધારૈ,
આદરસૌં તિહુંકાલમાહિં જગથુતિ વિસ્તારૈ;

હતા ને ચાર હાથમાં શસ્ત્રો હતાં. લોકોમાં તો ફરી પાછી હલચલ મચી ગઈ; લોકો વગર વિચાર્યે દોડ્યા ને કહેવા લાગ્યા કે અહા! મથુરાનગરીના મહાભાગ્ય ખીલ્યા છે કે ગઈકાલે સાક્ષાત્ બ્રહ્માએ દર્શન દીધા ને આજે વિષ્ણુભગવાન પધાર્યા. (ક્રમશઃ)

## વૈરાગ્ય સમાચાર :–

* રાજકોટ નિવાસી દામોદર ચત્રભુજ લાખાણીના સુપુત્ર વિપીનચંદ્ર દામોદરભાઈ લાખાણીનું દેહ પરિવર્તન તા. ૫-૯-૨૦૨૦ના રોજ થયેલ છે.
* લાઠી નિવાસી (હાલ કાંદીવલી) મનુભાઈ છોટાલાલ ભાયાણીના ધર્મપત્ની મધુબેન (ઉ.વ. ૭૬) તા. ૪-૧૦-૨૦૨૦ના ટૂંકી બિમારીમાં દેહ પરિવર્તન કરેલ છે. તેઓ કાંદીવલી મહિલામંડળના પ્રમુખ હતા.
* મુંબઈ નિવાસી જ્યોતિબેન દિલીપભાઈ ભાયાણી (–તેઓ શ્રી બાબુભાઈ ઝવેરીની સુપુત્રી) (ઉ.વ. ૬૬)નું તા. ૨૨-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તવ થયેલ છે.
* રાણપુર નિવાસી (હાલ દાદર-મુંબઈ) શ્રી મહેન્દ્રભાઈ પ્રેમચંદ જોબાલિયા (ઉ.વ. ૭૬)નું તા. ૨૬-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ દાદર મંદિર સાથે સંકળાયેલા હતા.
* જામનગર નિવાસી (હાલ બોરીવલી) પ્રમોદભાઈ મનસુખલાલ મહેતા (ઉ.વ. ૮૬)નું તા. ૨૮-૧૦-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી સ્વ. મગનલાલ (બાબુભાઈ) માણેકલાલ શાહ(મુંબઈ)ના જમાઈ મહેન્દ્રભાઈ કોઠારી (ઉ.વ. ૭૮)નું તા. ૨૦-૧૦-૨૦૨૦ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* દાદર નિવાસી સંજયભાઈ રતિલાલ શાહ (ઉ.વ. ૬૦) તા. ૪-૧૧-૨૦૨૦નાં રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી અને ખાડિયા મંદિરના ટ્રસ્ટી શ્રી હસમુખલાલ ચંદુલાલ સંઘવી (ઉ.વ. ૮૦)નું તા. ૮-૧૧-૨૦૨૦ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા.
* સોનગઢ નિવાસી (હાલ-મલાડ) શ્રી મનહરલાલ છોટાલાલ ખંધાર (–તેઓ બ્ર. જિનમતીબેન ખંધારના મોટાભાઈ) (ઉ.વ. ૮૧)નું ટૂંકી બિમારીથી તા. ૮-૧૧-૨૦૨૦ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા. તેમના પિતાશ્રી છોટાલાલ પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાપાત્ર હતા.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

સો સુકૃત શિવપંથ ભક્તિરચના કર પૂરૈ!
પંચકલ્યાનક ઋદ્ધિપાય નિહચૈ દુઃખ ચૂરૈ. ૨૪.

## સુવર્ણપુરી સમાચાર :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૧૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા પ્રકાશિત

### બાળ સાહિત્ય

ભગવાન પારસનાથ ........................ ૧૦=૦૦
શ્રી જંબૂસ્વામી ચરિત્ર ........................ ૧૦=૦૦
શ્રી અકલંક-નિકલંક ........................ ૧૦=૦૦
સમ્યક્ત્વ કથા
(સમ્યગ્દર્શનના આઠ અંગ) ............. ...૧૦=૦૦
શ્રી મહારાણી ચેલણા ........................ ૧૦=૦૦
બે સખી ........................................ ૧૦=૦૦
દર્શન કથા (મનોવતીની દર્શન પ્રતિજ્ઞા) ... ૧૦=૦૦
જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૧ ........ ૨૫=૦૦
જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૨ ........ ૩૦=૦૦
જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૩ ........ ૨૫=૦૦
જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૪ ........ ૩૦=૦૦
જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૫ ........ ૩૦=૦૦
જૈન પૌરાણિક લઘુકથાઓ ભાગ-૬ ........ ૩૦=૦૦
જૈન બાળપોથી ભાગ-૧ .................... ૧૦=૦૦
જૈન બાળપોથી ભાગ-૨ .................... ૧૦=૦૦

**પ્રાપ્તિસ્થાન**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**પુસ્તક વિભાગ**
**ફોન નં. : ૦૨૮૪૬ ૨૪૪૩૩૫**
**મો. નં. : ૯૭૩૭૧૫૪૧૦૮ (નિર્મલભાઈ જૈન)**

### પૂજન-વિધાન તથા ભક્તિ સાહિત્ય

श्री जिनेन्द्र पूजा संग्रह ........................... ३०=००
श्री पंचपरमेष्ठी पूजन विधान ................... १०=००
श्री चौसठ ऋद्धि मंडल विधान पूजा ............ १०=००
श्री पंचमेरु नंदीश्वर विधान पूजा ............... १०=००
श्री दशलक्षण विधान पूजा ...................... १०=००
श्री सुवर्णपुरी तीर्थ पूजन विधान ............... १५=००
श्री जंबूद्वीपस्थ शाश्वत जिनमंदिर-जिनबिम्ब
विधान पूजा ...................................... २०=००
श्री जिनेन्द्र पंचकल्याणक पूजा ................. १०=००
श्री विधान पूजा संग्रह ........................... २०=००
श्री त्रय लघु विधान
(नवदेवता, लघु रत्नत्रय, लघु तीर्थमंडल विधान) ..... १०=००
श्री तीर्थमंडल विधान पूजा ....................... १०=००
श्री समवसरण विधान पूजा ...................... २०=००
श्री त्रिलोक अकृत्रिम जिनालय पूजा ........... १०=००
श्री षोडशकारण भावना विधान पूजा .......... १०=००
श्री विदेहक्षेत्रस्थ विद्यमान विंशति तीर्थंकर पूजा१०=००
श्री वर्तमान चतुर्विंशति विधान पूजा ........... १०=००
श्री रत्नत्रय विधान पूजा ........................ १०=००
श्री सिद्धपरमेष्ठी पूजा विधान .................... १०=००
श्री जिन सहस्रवसुनाम पूजा विधान ............ २५=००
श्री सिद्धचक्र विधान पूजा ........................ २०=००
श्री समवसरण स्तुति ............................. १०=००
श्री नंदीश्वर भजन-पूजन ......................... १०=००
श्री देव-शास्त्र-गुरु आरती प्रासंगिक भक्ति ..... १०=००

## (૮૮)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) મોક્ષમાર્ગસ્ય નેત્તારં.............................

(૨) ભાવલિંગી મુનિ ..................... અને .............. ગુણસ્થાનમાં ઝુલતા હોય છે.

(૩) વિગ્રહ ગતિમાં ............... અને ................. શરીર હોય છે.

(૪) અંતરંગ પરિગ્રહના ..............અને બહિરંગ પરિગ્રહના ............. ભેદ હોય છે.

(૫) વચનામૃત વીતરાગનાં.............................
................................. કાયરને પ્રતિકૂળ.

(૬) લક્ષણાભાસમાં (૧)................ (૨).............. અને ............ દોષ હોય છે.

(૭) પુદ્‌ગલને છોડી બાકી પાંચે દ્રવ્યો................ છે.

(૮) શ્રી સમયસારાદિ પંચ પરમાગમોનો ગુજરાતી અનુવાદ શ્રી .......................... કરેલ છે.

(૯) જે વીતરાગ, સર્વજ્ઞ તથા હિતોપદેશી હોય છે તે જ સાચા................ છે.

(૧૦) ................ માં ''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યક્દર્શનમ્'' લક્ષણ કહેલ છે.

(૧૧) ''આતમકો હિત હૈ સુખ સો સુખ આકુલતા બિન કહીએ'' જે શાસ્ત્રમાં આવે છે તે શાસ્ત્રના રચયિતા પં. .................................. છે.

(૧૨) અત્યારે ભરતક્ષેત્રમાં ......................... ઉત્કૃષ્ટ ગ્રંથ છે.

(૧૩) અનંતકાળથી આથડ્યો,......................................
............................, મુક્યું નહીં અભિમાન.

(૧૪) તીર્થંકરો જન્મથી ............. જ્ઞાનના ધણી હોય છે.

(૧૫) અહો! વાણી તારી પ્રશમરસ ભાવે નિતરતી,
...............................................

(૧૬) હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો......................................................... અને આત્મામાં ગમાડ.

(૧૭) ઘટ ઘટ અંતર જિન વસે, .............................
................................., મતવાલા સમજૈ ન.

(૧૮) જ્ઞાનીને શુભભાવ આવે છે પણ તેને ....................... તરીકે માને છે.

(૧૯) શ્રેણી ચઢતાં મુનિ માટે ................. ગુણસ્થાન નીચે પડવા માટે હોય છે.

(૨૦) જે જ્ઞાન બીજાનાં મનમાંથી રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે તેને.............. જ્ઞાન કહે છે.

**અહો જગતપતિ પૂજ્ય અવધિજ્ઞાની મુનિ હારૈ,**
**તુમ ગુનકીર્તનમાહિં કૌન હમ મંદ વિચારૈ;**

## (૮૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભાગ-૧-૨માંથી મળશે.)

(૧) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય .................... ની હદ બતાવનારા દ્રવ્યો છે.

(૨) જીવ દ્રવ્ય ............... માં કદી ન જાય.

(૩) આકાશના બે ભેદ છે (૧) .................. (૨) .................

(૪) જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હોય તેને ................. દ્રવ્ય કહે છે.

(૫) અરૂપી અને અચેતન દ્રવ્યો ............... છે. (સંખ્યા)

(૬) જીવના બે ભેદ (૧) .............. (૨) ..............

(૭) બહુપ્રદેશી દ્રવ્યને ................... કહે છે.

(૮) કાલાણુ અને પરમાણુ .................. પ્રદેશી દ્રવ્ય છે.

(૯) કાળના બે ભેદ છે (૧) .................. (૨) ..............

(૧૦) ગુણોના સમૂહને ................. કહે છે.

(૧૧) (૧) ................ અને (૨) .............. આ બે દ્રવ્યો ક્ષેત્રાન્તર કરવાની શક્તિવાળા છે.

(૧૨) કાળ દ્રવ્ય એકપ્રદેશી છે તેથી તે ................ નથી.

(૧૩) પુદ્ગલના બે ભેદ (૧) ................ (૨) ...............

(૧૪) જેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ન હોય તેને ............... કહે છે.

(૧૫) છ દ્રવ્યોના સમૂહને ............... કહે છે.

(૧૬) આકાશ દ્રવ્ય ............. પ્રદેશી દ્રવ્ય છે.

(૧૭) ક્ષેત્ર અપેક્ષાએ સૌથી મોટું દ્રવ્ય .................. છે.

(૧૮) જીવ દ્રવ્ય .......... છે અને સંપૂર્ણ .............માં વ્યાપ્ત છે.

(૧૯) આકાશ દ્રવ્ય ................... હોવાથી તેમાં રંગ હોય નહીં.

(૨૦) મોક્ષ જતા પહેલા કેવળી સમુદ્ઘાત કરવાવાળો જીવ................ બરાબર મોટો હોય છે.

**થુતિ છલસોં તુમ વિષૈ દેવ આદર વિસ્તારે!**
**શિવમુખ પૂરનહાર કલ્પતરુ યહી હમારે. ૨૫.**

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન નવેમ્બર– ૨૦૨૦ના ઉત્તર

(૧) મોક્ષમાર્ગ:
(૨) મંગલ, ઉત્તમ
(૩) પદ્માવતી અને ધરણેન્દ્ર
(૪) સ્કંધ
(૫) ૧૨
(૬) અગિયારમી
(૭) અષ્ટાહ્નિકા
(૮) પુરુષાર્થ
(૯) શિવરમણી રમનાર તું
તુંહી દેવનો દેવ
(૧૦) રોગ નહીં, ગુરુ આજ્ઞા સમ,
(૧૧) બે, બે
(૧૨) પોન્નુર
(૧૩) જ્ઞાન, કર્મ
(૧૪) ૬૩ શલાકા
(૧૫) કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું.
(૧૬) પ્રાકૃત, આત્મખ્યાતિ, સંસ્કૃત
(૧૭) કાળ,
(૧૮) તાતે સમામૃત સેઈએ,
(૧૯) વિરોધ,
(૨૦) મિથ્યાત્વના,

## બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર – ૨૦૨૦ના ઉત્તર

(૧) હાથી
(૨) વજ્રધરસ્વામી
(૩) ચૈત્ર સુદી ૧૧
(૪) જંબૂસ્વામી
(૫) અનિવૃત્તિકરણ
(૬) શ્રીમંડપભૂમિ
(૭) ૧૧
(૮) સિદ્ધવરકૂટ
(૯) ૨
(ઋજુમતિ, વિપુલમતિ)
(૧૦) ૪ (સ્પર્શ,
કાયબળ,
શ્વાસોચ્છ્વાસ
આયુષ્ય)
(૧૧) ટમેટા
(૧૨) ૫
(વિજય,
વૈજયંત,
જયંત,
અપરાજિત,
સર્વાર્થસિદ્ધિ
(૧૩) ૪ (હિંસાનંદી,
મૃષાનંદી,
ચૌર્યાનંદી,
પરિગ્રહાનંદી)
(૧૪) સુપાર્શ્વનાથ
(૧૫) ૫
(૧૬) સ્થિતિહેતુત્વ
(૧૭) ૪
(૧૮) ૪૫ લાખ યોજન
(૧૯) ૩૨
(૨૦) આસ્રવ

**વાદિરાજ મુનિતૈં અનુ, વૈયાકરણી સારે,**
**વાદિરાજ મુનિતૈં અનુ તાર્કિક વિદ્યાવારે;**
**વાદિરાજ મુનિતૈં અનુ હૈં કાવ્યનકે જ્ઞાતા,**
**વાદિરાજ મુનિતૈં અનુ હૈં ભવિજનકે ત્રાતા.**

કલ્યાણ–કલ્પદ્રુમ–
એકીભાવ સ્તોત્ર
સમાપ્ત

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—નિશ્ચય (શુદ્ધ પરિણમન) સાથેનો ઉચિત રાગ (ભૂમિકા અનુસારનો રાગ) હોય તેને ક્રોધ કહેવાય ?

ઉત્તર :—નહિ, અહીં સમયસાર ગાથા ૬૯-૭૦-૭૧માં જેને આત્મ-સ્વભાવની રુચિ નથી, અનાદર છે તેના રાગભાવને ક્રોધ કહ્યો છે એટલે કે મિથ્યાત્વ સહિતના રાગાદિભાવને ક્રોધ કહ્યો છે. જ્ઞાનીના અસ્થિરતાના રાગનું તો જ્ઞાનીને જ્ઞાન થાય છે. જ્ઞાનના પરિણમનવાળા જ્ઞાનીને આનંદરૂપ આત્મા રુચે છે. આત્મા માલૂમ પડે છે. તેથી તેને રાગની રુચિરૂપ ક્રોધ હોતો જ નથી. તેથી ક્રોધ માલૂમ પડતો નથી. અજ્ઞાનીને દુઃખરૂપ ભાવ—રાગભાવ રુચે છે. આનંદરૂપ ભાવ રુચતો નથી. તેથી તેને ક્રોધાદિ જ માલૂમ પડે છે. આત્મા માલૂમ પડતો નથી. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. તેની રુચિ નથી અને પુણ્યના પરિણામની રુચિ છે. તેને આત્માનો અનાદર છે, તેથી તેને સ્વરૂપ પ્રત્યે ક્રોધી કહે છે. ૪૩૧.

● પ્રશ્ન :—આત્મા પરોક્ષ છે તો કેમ જણાય ?

ઉત્તર :—આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી—પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે. એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે. ૪૩૨.

● ચલો સખી વહાં જઈએ, જહાં અપના નહિ કોઈ,
શરીર ભખે જનાવરા, મુવા રોવે ન કોઈ.

આહાહા ! સંગથી ચાલ્યો જા ! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા ! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડ્યો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા ! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ ! શું કહીએ. ૪૩૩.


● ખરેખર તો આત્મા રાગને ત્યાગે છે એમ કહેવું એ પણ નામમાત્ર છે. કેમકે રાગાદિને પરભાવરૂપ જાણીને, જ્ઞાનમાં સ્થિર થતાં રાગાદિ ઉત્પન્ન થતા જ નથી. જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે ત્યારે રાગાદિ ઉત્પન્ન થતા જ નથી. તેથી સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે. ૪૩૪.

● આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એમ જ્ઞાનમાં આવ્યું છે એવો જ્ઞાની જીવ જીવનમાં સ્થિર થઈ જાય છે, એ પ્રત્યાખ્યાન છે. જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થયું ત્યાં આનંદની વિશેષ ધારા વહી એ જ પ્રત્યાખ્યાન છે. પોતાના જ્ઞાનમાં રાગના અભાવરૂપ અવસ્થા અર્થાત્ આનંદની ઉગ્ર અવસ્થા પ્રત્યાખ્યાન છે. ૪૩૫.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૨૦
અંક-૪ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-12-2020
Posted on 1-12-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org